# સોરઠ વિશાશ્રીમાળી

**SORATH VISASHRIMALI - RNI NO.: 22805/73**

**Vol. No. : 52 ❖ Issue : 03 ❖ Pages : 40 ❖ Mumbai ❖ March - 2024 ❖ Price : Rs.8/-**

## તપસ્વીઓનું બહુમાન

તા.૧૬-૦૨-૨૦૨૪, અંધેરી












અહેવાલ પાના નં-૮

# શ્રદ્ધાંજલી



જન્મ :
૦૧-૦૮-૧૯૬૨

અરીહંતશરણ :
૧૪-૦૨-૨૦૨૪

## શ્રી મયુરભાઈ નગીનદાસ મહેતા

**મુળવતન: થાણાદેવડી   હાલ: ઘાટકોપર-મુંબઈ**

**રડી પડે છે આંખો અમારી, દરેક પ્રસંગે ખટકશે ખોટ તમારી,**
**પળભરમાં છેતરી ગયા અમને, હસમુખો ચહેરો, માયાળુ-ઉદાર સ્વભાવ,**
**સૌમ્ય વ્યક્તિત્વ સદાય યાદ રહેશે અમોને,**
**ઇશ્વરને પૂછીશું અમે કે જેની જરૂર હતી અમારે તેની તમારે શી જરૂર પડી ?**
**પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.**
**ૐ શાંતિ... ૐ શાંતિ... ૐ શાંતિ...**

લિ.

શ્રી નગીનદાસ કપુરચંદ મહેતા પરિવાર

**માતુશ્રી** : સ્વ. મંજુલાબેન નગીનદાસ મહેતા

**પત્ની** : શ્રીમતી કિર્તી મયુર મહેતા

**મોટા ભાઈ-ભાભી** : સ્વ. રમેશચંદ્ર નગીનદાસ મહેતા - મધુબેન રમેશચંદ્ર મહેતા

**પુત્ર-પુત્રવધુ** : મહેક મયુર મહેતા - પ્રગતિ મહેક મહેતા / રોનક મયુર મહેતા - અદિતી રોનક મહેતા
સૌરભ રમેશચંદ્ર મહેતા - જીનાલી સૌરભ મહેતા / અંકિત રમેશચંદ્ર મહેતા - કોમલ અંકીત મહેતા

**પુત્રી** : બીજલ જીગરકુમાર વોરા **પૌત્ર** : રીશાન, મનય **દોહીત્રી** : પરી, ધનવી

**બહેનો** : ઉર્મિલાબેન હસમુખરાય શાહ, તુલાબેન કમલેશકુમાર મહેતા

### કિર્તી ડિયામ (જ્વેલર્સ)

૭/૮/૯ શંકર નગર, વલ્લભબાગ લેન, તીલક રોડ કોર્નર, ઘાટકોપર (ઇ), મુંબઈ-૪૦૦૦૭૭.
ફોન : ૦૨૨-૨૧૦૨૭૦૮૩ / ૨૧૦૨૫૯૨૪ - મહેક મયુર મહેતા : ૯૯૩૦૪૬૨૩૪૩ / કિર્તીબેન મયુર મહેતા : ૯૨૨૪૭૭૧૨૩૮

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ**

**શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા કાર્યાલય,**
૪, દેવકરણ મેન્શન, બિલ્ડીંગ નં.૭, બીજે માળે,
૨૪, વિઠ્ઠલદાસ રોડ, મુંબઈ - ૪૦૦૦૦૨.
ફોન : ૦૨૨ - ૨૨૦૬૯૧૭૨
**સમય :** બપોરે ૧ થી સાંજે ૬ (1.00 pm to 6.00 pm)
**E-Mail:**svjainsamajmumbai2@gmail.com
data@svjainsamaj.com www.svjainsamaj.com
**તંત્રી : શ્રી રાજેન્દ્ર ઓત્તમચંદ પુનાતર - મો. ૭૦૨૧૨૦૧૨૮૦**

**સમાજની કારોબારી સમિતિ**

શ્રી કિરીટકુમાર પ્રભુલાલ મહેતા ---------------------- પ્રમુખ
શ્રી મહેશભાઈ મથુરદાસ સાવડીયા --------------- ત.ભૂ.પ્રમુખ
શ્રી ધીરેનભાઈ દેવચંદ વસા ---------------------- ઉપપ્રમુખ
શ્રી આશિષભાઈ વિનોદરાય મહેતા -------------- માનદ્‌મંત્રી
શ્રી પરિમલભાઈ મનસુખલાલ ભીમાણી ----------- માનદ્‌મંત્રી
શ્રી યોગેશભાઈ વિનોદરાય વોરા ------------------ ખજાનચી
શ્રી રાજેન્દ્રભાઈ ઓત્તમચંદ પુનાતર ------------ મુખપત્ર તંત્રી
શ્રી મહેશભાઈ કાંતિલાલ વોરા ----------------------- સભ્ય
શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી --------------------- સભ્ય
શ્રી જયંતભાઈ ચુનીલાલ દોશી ----------------------- સભ્ય
શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા ------------------ સભ્ય
શ્રી કીર્તિભાઈ રસિકલાલ વસા ----------------------- સભ્ય
શ્રી કમલભાઈ કાંતિલાલ દોશી ----------------------- સભ્ય
શ્રી અતુલભાઈ ધનજીભાઈ વસા --------------------- સભ્ય
શ્રી જયેશભાઈ શરદચંદ્ર વસા ----------------------- સભ્ય
શ્રી શૈલેષભાઈ વ્રજલાલ વોરા ----------------------- સભ્ય
શ્રી જયેશભાઈ ચુનીલાલ વસા --------------------- કો-ઓપ્ટ
શ્રી પ્રવિણચંદ્ર ચીમનલાલ વોરા ------------------- કો-ઓપ્ટ

**Bank Details**

**Name : SHRI SORATH VISA SHRIMALI JAIN SAMAJ**
**Banker :** Bank of Baroda, M.J. Market, Mumbai - 400003.
**S.B. A/C No.** 03870100000044
**IFSC :** BARB**0**BULLIO **(fifth digit will be numerical zero),**
**MICR :** 400012047

**NAME : SORATH VISA SHRIMALI JAIN SAMAJ TRUST**
**Banker :** Union Bank of India
Princess Street, Mumbai - 400002
**S.B.A/C.No.** 319102010054364
**IFSC :** UBIN0531910

કાનૂની કાર્યક્ષેત્ર મુંબઈનું રહેશે.
**Auditor :** Viren Vasa & Associates
Chartered Accountant, Mumbai

લવાજમ દરો ભારતમાં આજીવન : રૂા.૨૭૦૦/-

**મુદ્રણ અને પોસ્ટિંગ : લક્કી પ્રિન્ટર્સ**
૪૦, મહેતા ઈન્ડ. એસ્ટેટ, લિબર્ટી ગાર્ડન ક્રોસ રોડ નં. ૩,
મલાડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૪

## કવિતા

ચહેરાની કોઈ ચોપડી હોતી નથી,
છતાં આ ફેસબુક કે વોટ્સએપ છે.

પોસ્ટ ઓફિસ અહીં હોતી નથી,
છતાં લોકો પોસ્ટ કરે છે.

રુબરુ કોઈને અહીં મળતું નથી,
તોય સૌનું અહીં ગ્રુપ છે.

ભણવાની અહીં કોઈ નિશાળ નથી,
તોયે અહીં એડમીન છે.

કોઇનાં પણ અહીં એવા મકાન નથી,
તોય અહીં સૌની પોતાની વોલ છે.

કોઈ પશુ પંખી અહીં હોતાં નથી,
તોય સૌને પોતાનો નેટ છે.

કામકાજનુ અહીં કોઈ કારણ જ નથી,
તોયે અહીં એકટીવીટી છે.

કોઈ પણ અહીં નોકરી તો કરતું નથી,
તોયે દરેકની પ્રોફાઈલ છે.

ગામનો અહીં કોઈ ચોરો હોતો નથી,
તોયે પણ અહીં ચેટ છે.

પોતાના મોઢાં અહીં કોઈ જોતા નથી,
તોયે પણ ઈમોજી અનેક છે.

એકમેકની અહીં કોઈ ઓળખાણ નથી,
તોયે લાઈક ડીસલાઈક અનેક છે.

ઝેરોક્ષની અહીં કોઈ એવી દુકાન નથી,
તોયે કોપી પોસ્ટ અનેક છે.

આ છે આપણી સોશ્યલ મિડીયાની એક દુનિયા


## સ્વામી વિવેકાનંદજીના સુવિચારો

જે માણસ શિક્ષણ પહેલા સંસ્કાર, વેપાર પહેલા વ્યવહાર અને ભગવાનની પહેલા માતા-પિતાને ઓળખીલે તો પછી એનાં જીવનમાં કોઇ મુશ્કેલી નથી આવતી

---

સતત શુદ્ધ વિચારો કરતાં રહો,
ખરાબ સંસ્કૃતિને ડામવાનો આજ ઉપાય છે

## તંત્રી સ્થાને થી....



**શ્રી રાજેન્દ્રભાઈ પુનાતર**
**મો. ૭૦૨૧૨૦૧૨૮૦**
**૯૩૨૩૧૪૧૫૯૫.**

# જયાં જયાં વસે ગુજરાતી ત્યાંત્યાં સદા કાળ ગુજરાત

આજે આપણાં ગુજરાતીઓ જગતભરમાં વસવાટ કરી રહ્યા છે. દુનિયાના જે જે દેશોમાં ગુજરાતીઓ ગયા છે ત્યાં તેઓ પોતાની સાથે ગુજરાતી ભાષાની અસ્મિતા, સંસ્કાર અને સંસ્કૃતિનો વારસો પણ સાથે લઇ ગયા છે. તેઓ જે જે દેશમાં વસ્યા છે, ત્યાં સ્થાનિક વસ્તીમાં દુધમાં સાકરની જેમ ભળી ગયા છે. પરંતુ તેઓએ પોતાનું ગુજરાતીપણું જાળવી રાખ્યું છે. ગુજરાતના પર્વ - તહેવારોને તેઓ ખૂબ જ ઉમંગ અને ધામધૂમથી ઉજવાતા હોય છે.

વિદેશોમાં ગુજરાતીઓએ પોતાનું ગુજરાતી પણ જાળવી રાખ્યું છે. પરંતુ આપણા દેશમાં વસતા આપણે લોકો ધીમે ધીમે ગુજરાતીપણું ખોઇ રહ્યા છે. ખાસ કરીને ભાષાની બાબતમાં. અંગ્રેજોની ગુલામી માંથી મુક્ત થયા પરંતુ અંગ્રેજી ભાષાની વધતી જતી ઘેલછા આપણને અંગ્રેજી ભાષાના ગુલામ બનાવી રહી હોય એવું લાગી રહ્યું છે.

શિક્ષણ ક્ષેત્રે અંગ્રેજી માધ્યમની શાળામાં દાખલ થવા માટે રીતસરની પડાપડી થઇ રહી છે. અંગ્રેજી ભાષાના માધ્યમની મોંઘી દાટ ફી ભરવામાં કોઇને મોંધવારી નડતી નથી. ફી સાથેના બીજા ખર્ચાઓ પણ હોશે હોશે ભરવા પડે છે. દરેક વાલીઓને એવું લાગી રહ્યું છે કે આપણા બાળકને જો અંગ્રેજી માધ્યમની શાળામાં દાખલ નહીં કરીએ તો બીજા બાળકોથી પાછળ રહી જશે. ધાણી ફૂટ અંગ્રેજી બોલતા બોળકોને વધારે હોંશિયાર અને ચબરાક માનવાની માનસિકતા આપણામાં ઘર કરી ગઇ છે. આ માનસિકતા અત્યાર સુધી ફક્ત શહેરો પૂરતી મર્યાદિત હતી પરંતુ હવે તેનો વ્યાપ નાના શહેરો અને ગામડાઓ સુધી પહોંચી ગયો છે. દરેક વાલીઓ એવું માને છે કે અંગ્રેજી બોલતા આવડી જાય તો આપણું બાળક હોંશિયાર બની જશે. માટેભાગે અંગ્રેજી માધ્યમમાં અભ્યાસ કરતા બાળકો બીજી ભાષા તરીકે ગુજરાતીને ભાગ્યે જ પસંદ કરે છે. આ માનસિક્તાનો અંગ્રેજી માધ્યમની શાળાના સંચાલકો ભરપુર ફાયદો ઉઠાવી રહ્યા છે. મોંઘીદાટ ફી ઉપરાંત એક યા બીજા બહાને વાલીઓ પાસેથી બેફામ પૈસા પડાવવામાં આવી રહ્યા છે. વાલીઓ ગજા ઉપરાંત નો ભાર વેંઢારી રહ્યા છે. આ પરિસ્થિતિ અંગે સમાજના તમામ વર્ગોએ જાગૃત થવાની જરૂર છે.

અંગ્રેજી ભાષા આંતરરાષ્ટ્રીય ભાષા બની હોવાથી તેનો અભ્યાસ જરૂરી છે અને સમયની સાથે અંગ્રેજી ભાષાનું મહત્વ આપણે સ્વીકારીએ તો પણ તેની સાથે આવતા પશ્ચિમના દેશોના સંસ્કાર અને સંસ્કૃતિ ને તિલાંજલી આપવી જોઇએ. આપણે પશ્ચિમની જીવનશૈલીના અંધ અનુયાયી બની રહ્યા છીએ. વિશ્વના ઘણા દેશો પોતાની માતૃભાષાઓમાં જ શિક્ષણ આપવાના આગ્રહી રહ્યા છે. માતૃભાષામાં અપાતું શિક્ષણ બાળકોના સર્વગ્રાહી વિકાસ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થયું છે. ઇ.સ.૧૯૦૯માં રાજકોટમાં યોજાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદમાં તે વખતના પ્રમુખ સ્વર્ગસ્થ અંબાલાલ સાકરલાલ દેસાઇએ કહેલું **'અંગ્રેજી શાળાઓમાં અપાતું અંગ્રેજી ભાષા સિવાયનું સર્વજ્ઞાન ગુજરાતી ભાષામાં આપવું જોઇએ.'**

નાઝીઓના દમનને કારણે યહૂદી પ્રજા વિશ્વના અનેક દેશોમાં સ્થળાંતર કરી ગઇ છે તે છતાં તેઓ પોતાની માતૃભાષા **હિબ્રુભાષા** ને સજ્જડ પણે વળગી રહ્યા છે. અને પોતાના આ ભાષાપ્રેમે અલગ અલગ દેશોમાં વસતા યહૂદીઓને એક તાંતણે બાંધી રાખ્યા છે. ઇઝરાયેલની સરકારે પોતાની ભાષાના પ્રસાર માટે જે પ્રયત્નો કર્યા છે તે દાદ માગી લે તેવા છે. ઉચ્ચ શિક્ષણ પોતાની માતૃભાષઆમાં આપવા માટે **હિબ્રુ યુનિવર્સિટિ ઓફ ઝેરૂસલેમ** ની સ્થાપના કરવામાં આવી છે.

એસ.એસ.સી, એચ.એસ.સી. કે બીજા બોર્ડની પરીક્ષામાં પ્રથમ ક્રમાંકે આવતા મોટાભાગના વિદ્યાર્થીઓ માતૃભાષાના માધ્યમમાં ભણેલા હોય છે. કેમકે બીજા વિદ્યાર્થીઓ કરતા તેઓ વધારે ઝડપથી અને સરળતાથી શીખી શકે છે. માતૃભાષામાં શિક્ષણ લેવામાં તેઓ માનસિક તાણ અનુભવતા નથી અને પોતાના વિચારો વધારે સારી રીતે વ્યક્ત કરી શકે છે. ૧૫ જેટલી ભાષા ઓના જાણકાર સંત વિનોબા ભાવે એ પોતાનું શિક્ષણ પોતાની માતૃભાષા મરાઠી ભાષામાં લીધેલું હતું અને તેઓએ પોતાની આ સિદ્ધિનો યશ પોતાની માતૃભાષાને આપેલ હતો.

હજુ પણ મોડું નથી થયું. આપણે ભલે આપણા બાળકોને અંગ્રેજી માધ્યમની શાળાઓમાં ભણાવતા હોઇએ, પરંતુ સાથે સાથે આપણી માતૃભાષા ગુજરાતીનું જ્ઞાન આપવું અત્યંત આવશ્યક છે. આપણી ભાષા, આપણી સંસ્કૃતિ અને આપણી પરંપરાઓનું આપણને ગૌરવ હોવું જોઇએ. વિદેશો માં વસતા આપણા ગુજરાતીઓ જો આપણી સંસ્કૃતિ-પરંપરાને અનુસરતા હોય તો આપણે ભારતમાં રહીને આપણી આગવી ઓળખને જાળવી રાખવામાં શા માટે ઉણા ઉતરીએ ?

# સમય ઝડપથી બદલાયા કરે છે, આજે જે અવસર છે તે કાલે રહેવાનો નથી, સારું કરવાનો ભલાઈનો વિચાર આવે તો આવતી કાલની રાહ જોવાનું નકામું

❖ મહેન્દ્ર પુનાતર ❖

જીવનમાં કાલ કદી આવતી નથી. કોઈ પણ સારું કામ કરવું હોય તો આજે જ કરી લેવું જોઈએ. કોઈ કવિએ કહ્યું છે તેમ **'કાલ કોણે દીઠી'** સારું કરવાનો, ભલાઈનો શુભ વિચાર આવે તો કાલની રાહ જોવાનું નકામું છે. આ જ ક્ષણ મહત્વની છે. આવતીકાલની આપણે જે વાત કરીએ છીએ તે પણ આજ બનીને આવવાની છે. આજની વ્યથા, આજનો આનંદ અને આજનો ભાવ કાલ પર ઠેલી શકાય નહીં. આજે જે કરવાનો અવસર છે તે કાલે આવવાનો નથી. કાલનો અવસર સાવ નવો હશે. ગઈકાલ જે વીતી ગઈ છે તે સમયની ધારામાં અને કાળની ગતિમાં વિલિન થઈ જાય છે. માત્ર સ્મૃતિ રહી જાય છે. અને તે પણ વ્યર્થ છે. તેને વાગોળવાથી કશો ફાયદો નથી.

પ્રતિક્ષણ જગત બદલાયા કરે છે. પરિસ્થિતિ પલટાયા કરે છે. માણસે વર્તમાન સાથે ચાલવાનું છે. તેમા ભૂતકાળ કે ભવિષ્ય કશું કામ આવે એવું નથી. જે થઇ ગયું છે તે ભૂલી જવાનું છે. અને જે થવાનું છે તેની કોઇને ખબર નથી. તેથી નાહકની કલ્પના કરીને દુઃખી કે સુખી થવાનું કોઇ કારણ નથી. માણસ માટેભાગે આજે જે કરવાનું છે તે કાલ પર છોડી દે છે. અને ગઇકાલ જે વીતી ગઇ છે ત્યારે જે કરવાનું હતુ તે આજે કરે છે. સમયની રફતારમાં મનુષ્યની ગતિ ધીમી છે. એટલે અસંતુલન ઊભું થાય છે અને માણસ ભૂતકાળ અને ભવિષ્ય વચ્ચે ભિસાયા કરે છે.

ભૂતકાળની સારી અને નસરી સ્મૃતિઓ પીડા આપે છે. અતિતમાં ઊંડા ઉતરવાથી કશો ફાયદો નથી. જીવનમાંથી અનુભવ અને બોધ લેવો જરૂરી છે. સમય જેમ બદલાતો જાય તેમ બદલવું જોઇએ. આજે જે છે તે કાલે રહેવાનું નથી. સમયની ધારામાં માણસે વહેતા રહેવું જોઇએ. આપણી કમજોરી એ છે કે આપણે સમયની સાથે ચાલતા નથી. પછી ઘણું મોડું થઇ જાય છે.

તત્કાળ ભય ઊભો થાય ત્યારે માણસ જાગૃત બની જાય છે. જાતને બચાવવા માટે છલાંગ મારશે, ઊંચેથી ભૂસકો મારશે. આગમાંથી પાણીમાંથી બહાર નીકળી જશે. ત્યારે વિચાર કરતો નથી કે થોડી વાર છે. ઉતાવળ કરવાની જરૂર નથી. અસ્તિત્વ સામે જયારે ભય ઊભો થાય ત્યારે કોઇ પણ પ્રાણી પોતાની તમામ તાકાતને કામે લગાવી દે છે. કુદરતે જગતના તમામ પ્રાણીઓને આવી આંતરિક શક્તિ આપી છે. માણસ તો વિચારશીલ પ્રાણી છે તેને હર પળે સાવધ અને જાગૃત રહેવાનું છે. જે કાર્ય આજે કરવાનું છે તેના માટે આવતી કાલની રાહ જોવાની જરૂર નથી. કાલ આવશે ત્યારે માણસ આજે છે તેના કરતાં વધુ ક્મજોર બની ગયો હશે. સમયની શક્તિઓ પણ ક્ષીણ થતી જાય છે. કામ, ક્રોધ, લોભ અને અહંકારને પણ આજે જો જીતી ન શકાય તો આવતીકાલે તેના પર વિજય મળવાનું વધુ કઠીન બનશે.

કોઇપણ કાર્ય માટે સમય અને કાળ મહત્વના છે. બચપણ, કિશોરાવસ્થા, યુવાવસ્થા, વૃદ્ધાવસ્થા કાળના સ્વરૂપો છે. સૂર્ય ચંદ્રનો ઉદય અને તેનો અસ્ત તેના નિર્ધારિત સમયમાં થાય છે. ઋતુઓ સમય પ્રમાણે બદલાય છે. કુદરત અને અસ્તિત્વમાં સમય પ્રમાણે ફેરફાર થયા કરે છે. સમય પહેલા ફૂલો ખીલે નહીં, ફળો આવે નહીં. બધી ઘટનાઓ કાળને આધિન છે. સમય વીતી જાય પછી કશું થતું નથી. સમય ક્ષણે ક્ષણે બદલાયા કરે છે. વીતી ગયેલી ક્ષણો પાછી આવતી નથી. જે ક્ષણે જેવો ભાવ હોય તેવો બીજી ક્ષણે રહેતો નથી. સમય મહત્વનો છે. તેનો યથાર્થ ઉપયોગ કરી લેવો જોઇએ. જીવન હંમેશા વર્તમાનમાં ચાલે છે. કાલે શું થશે તેની કોઇને ખબર નથી.

સમય કોઇની રાહ જોતો નથી. કોઇના માટે અટકતો નથી. મોટા ભાગના લોકો સમયને ઓળખી શકતા નથી. એટલે તેનો યથાર્થ ઉપયોગ કરી શકતાં નથી. જીવનમાં તક તો એક યા બીજા સ્વરૂપે ઊભી થાય છે. સારો સમય પણ આવે છે પણ કેટલાક લોકો તેનો સમયસર લાભ ઉઠાવીને આગળ નીકળી જાય છે અને કેટલાક લોકો હાથ જોડીને બેસી રહે છે. સારા સમય સાથે મહેનત અને પુરુષાર્થ હોય તો કામ સફળ થાય છે વધુ મેળવવાની લાલસામાં માણસ પોતાની પાસે જે હોય તે ગુમાવે છે. સ્વાર્થ, લોભ, લાલચ અને અસંતોષના કારણે પ્રભુએ જે કંઇ આપ્યું છે તેનો આનંદ માણી શકતો નથી. જેની પાસે છે અને જેની પાસે નથી બધાને થોડું ઓછું પડે છે. વધુ મળી જશે તો પણ મન ભરાશે નહીં. તૃષ્ણાનો કોઇ અંત નથી. મન અતૃપ્ત અને બેચેન હોય, અને વધુને વધુ મેળવવાની લાલસા હોય તો માણસને ગમે તેટલું મળે તો પણ તે દુઃખી રહેવાનો. મનમાં શાંતિ ન હોય તો કોઇ પણ વસ્તુ સુખ આપી શકે નહીં. ઇચ્છિત સુખનાં ટાપુ પર કોઇ પહોંચી શકતું નથી. બધાની સફર અધૂરી રહી જાય છે.

એવા કેટલાય શ્રીમંત કુટુંબો છે જેમની પાસે પૈસાની સાધનોની કમી નથી, આમ છતાં તેઓ દુઃખી છે. ધન, સંપતિ અને મિલકતો માટે કલહ, કંકાસ અને કોર્ટમાં કેસો ચાલી રહ્યા છે. ભાઈઓ ભાઈઓ લડે છે. માત પિતાની અવહેલના થાય છે. મબલખ સંપત્તિના માલિકો લાચાર અને અસહાય બને છે. પરિવારો તૂટી જાય છે. ધનિકો પણ કશું છોડવા તૈયાર નથી. જેની પાસે વધુ છે તેમને વધુ લોભ છે. પૈસાથી સુખ મળશે એવું નિશ્ચિત નથી. પૈસા સાધનો અને સગવડતા આપશે. પણ તેમાથી ખુશી અને આનંદ કેવી રીતે મેળવવો એ આપણા હાથમાં છે. ધન ખરાબ નથી પણ તમે તેનો કઇ રીતે ઉપયોગ કરો છો તેના પર તેનો આધાર છે. જે મળ્યું છે તેનો આનંદ માણતાં આવડે તો માણસ ગમે તેવી પરિસ્થિતિમાં પણ મજા થી રહી શકે છે. આપણે આનંદને ધન દોલતમાં ખોઇ નાખ્યો છે. સમયને સાચવતા અને તેનો યોગ્ય ઉપયોગ કરતાં આવડે, મન પર અંકુશ અને જાત પર ભરોસો હોય તો કોઇ પણ વસ્તુ આપણને પરેશાન કરી શકે નહી અને આગળ વધતાં અટકાવી શકે નહીં.

# ઈતિહાસનો સૌંદર્યબોધ...

એક સરસ વાત છે. રાજસ્થાનનું રૂપાળું ગામ છે બિકાનેર. હવેલીઓનું શહેર. ત્યાં એક વસતા શેઠનું નામ હતું ભાંડાશાહ! એમના મનમાં બિકાનેરમાં એક વિશાળ અને ઉતુંગ જિનાલય બનાવવાના મનોરથ જાગ્યા. તાત્કાલિક સોમપુરાને બોલાવાયો. નામ એનું ગોદો! આ ગોદાભાઈએ શેઠની ભાવના જાણી, સમજી. ભાંડાશાહ શેઠને સાત માળ ઊંચું દેવાલય બનાવવું હતું. ગોદાએ એની ચર્ચા કરવા માંડી... શેઠની કરિયાણાની



ધીખતી દુકાન હતી... ને દુકાનની મધ્યમાં એની ગાદી, સામેની ગાદી પર ગોદાભાઈ બેઠા... વચ્ચે જિનાલયનો નકશો પથરાયો...ચર્ચા ચાલી શેઠની બાજુમાં ઘીનો ગાડવો ભરેલો...અચાનક એક માખી ઉડતી આવીને ગાડવામાં પડી. માખી તડફવા લાગી. શેઠે તરત જ આંગળી પર માખીને લઈને પોતાની મોજડી પર મુકી. માખી પળ બે પળમાં સ્વસ્થ થઇને ઉડી ગઇ... શેઠે પોતાની આંગળી પર ને માખી પર ચોટેલું ઘી મોજડી પર ફેરવી દીધું. મોજડી ચમકી ઊઠી. ને ગોદાના મનમાંય ચમકારો થયો - સવાલો જાગ્યા. સાવ કંજૂસ! એક માખી પર લાગેલું ઘી પણ સાચવીને ઊતારી દીધું રે! આવો માણસ મંદિર બનાવશે? મખ્ખીચૂસ ને સાત માળનું દેરુ! ભલા, આવું કેવું? ગોદો કહેઃ “શેઠ! આવુડું મોટું દેરાસર બાંધવું હોય તો એક હજાર મણ ઘી એના પાયામાં પૂરવું પડશે. તો જ એની મજબૂતાઈ વધે!” ભાંડાશાહ કહેઃ ‘કાંઈ વાંધો નહીં મળી જશે. હજાર મણ ઘી! કરો તૈયારી...લાગો હવે દાદાના દરબારના કામમાં!’

જિનાલયના શિલાન્યાશની પળે... પાયો ભરતી વખતે એક હજાર મણ ઘીનાં ગાડા આવીને ઊભા... ગોદો કારીગર મુંજાયો અને કહેઃ “શેઠ, આપની ઉદારતાને વંદન.. પણ મેં તો આપની પરીક્ષા કરવા કહેલું... એક ટીપુ ઘી જે પોતાની મોજડી પર ઘસીલે એવો માણસ એક હજાર મણ ઘી વાપરી શકશે?” શેઠ કહેઃ ભાઈ, શેની મોજડી અને શેનું ટીપું? તારી વાત ન સમજાઈ...

‘શેઠજી, આપણે ચર્ચા કરતા હતા તમે માખીને આંગળીએ લઈને મોજડી પર મૂકી હતી... ને અડધું ટીપું ઘી મોજડી પર લગાવી દીધેલું... એ જોઈને મેં હાજર મણ ઘી પાયામાં પુરવાની વાત કરેલી, બાકી, પાયામાં ઘીનું શાનું જોઈએ?’

‘ઓહો...’ શેઠ બોલ્યાઃ ‘વાત એમ છે? અલ્યા ભાઈ મારા ભગવાનની આજ્ઞા મેં તો પાળી... જો માખીને નીચે ક્યાંક મુકું તો કોઈનો પગ આવે ને મરી જાય... માટે મેં માખી મારી મોજડી પર મૂકી અને માખી સ્વસ્થ થયા પછી ઉડી ગઇ અને આંગળી ઉપરનું ઘી મોજડી ઉપર ઘસી નાખ્યું.... ભલા ભાગ્યશાળી તું તો કંઈક અલગ જ સમજ્યો!

‘શેઠજી, આ ઘીના ગાડા પાછા ફેરવો ઘીની જરૂર જ નથી. આજ તો તમારી જીવરક્ષાની વાતે મારા દિલમાં ઘીનો દીવો થઈ ગયો! ગોદાભાઈ બોલી ઊઠયા, શેઠ કહેઃ ઘી પાછું નાં જાય... ભગવાન માટે કલ્પેલી ચીજ બીજે ન જાય... હવે તો આ પાયામાં જ ઘી પૂરાશે.’

આખું બિકાનેર જોતુ જ રહી ગયું ને વિરાટ જિનાલયના પાયામાં ઘીનો વરસાદ વરસ્યો.... ઘી પર ગોદાની આંખના આંસુ તરતા રહ્યા. કહે છે, આજે પણ એ જિનાલય બિકાનેરની છાતી પર ઊંભું છે. શેઠ ભાંડાશાહની યાદ દેવરાવતા મંદિરનું નામ પણ ભાંડાસર મંદિર છે! જો કે ભાંડાશાહનું અવસાન થતા મંદિર ત્રણ માળનું જ બન્યું. કહે છે કે આજે પણ ગરમીમાં દેરાસરની ફરશમાંથી ઘીની ચીકાશ બહાર આવે છે... અનન્ય પ્રભુભક્તોની અનમોલ વાતો ઈતિહાસનો સૌંદર્યબોધ કરાવે ચે... ધન્ય પ્રભુ શાસન....ધન્ય પ્રભુભક્તિ...ધન્ય પ્રભુભક્તો!

# હાર્દિક શ્રધ્ધાંજલી

જન્મ
૦૮-૦૬-૧૯૪૧



અરિહંત શરણ
૦૨-૦૩-૧૯૯૨





**સ્વ. શ્રી નવનીતરાય જેચંદ વસા** (મૂળવતન : પાટણવાવ)

**રહેવાને સદાય દુનિયામાં કોઇ આવતું નથી**
**છતાં તમે ગયા એમ કોઇ જતું નથી**
**વિદાય એવી લીધી કે મન હજી માનતુ નથી**
**નિર્દોષ હસતું મુખડું આપનું નજર સામેથી જતું નથી**
**જીવન એવું જીવી ગયા કે જીવનારા જોયા કરે**
**કર્મ એવા કર્યા કે હૃદયમાં સૌનાં ગુંજયા કરે**

**વ્હાલના વડલા જેવું આપનું જીવન અસ્તિત્વ તો અમારી વચ્ચે નથી, પરંતુ એ વડલાની શીતળ છાયા સમાન આપના દ્વારા થયેલું જીવનઘડતર અને સંસ્કારોનું સિંચન, સંઘર્ષ પ્રત્યે સકારાત્મક જીવનશૈલી અને સમતાભાવ અમારા માટે પથદર્શક, પ્રેરણાદાયી અને આર્શીવાદરૂપ બની રહે એજ પ્રાર્થના**

લિ.
**સ્વ. ફુલકુંવરબેન જેચંદ જૂઠાભાઈ વસા પરિવાર**

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પત્ની** | : | પુષ્પાબેન નવનીતરાય વસા | **ભાઈ-ભાભી** | : | પ્રતાપરાય-અરુણાબેન |
| **પુત્રી** | : | ડોલી રાજેશ કોરડીયા | **ભાઈ-ભાભી** | : | પ્રમોદભાઈ-દક્ષાબેન |
| **પુત્રી** | : | અનિષા અમિત ગાંધી | **ભાઈ-ભાભી** | : | વિનોદભાઈ-આરતીબેન |
| **પુત્રી** | : | નિશા કેતન વોરા | **પુત્રી** | : | નેહા જીગર શાહ |

**ભત્રીજી-ભત્રીજા :** ડિમ્પલ પારસ વસા - નીકિતા સીજો જોન,જૂલી નીતેશ ભણશાલી
અમી ભાવેશ પટેલ - બિનીત વિનોદભાઈ વસા - હિરલ વિનોદભાઈ વસા
**પૌત્ર-પૌત્રી :** રીષભ-જય, મિહીર-દેવ, ઇષા, કેવીન, હર્ષ, વિરાજ, પૂજા, રાજ
**ફોન :** પુષ્પાબેન નવનીતરાય વસા - ૦૭૦૨૧૭ ૨૨૫૫૩

Kayami

## તપસ્વી અહેવાલ

# તપ વિના તાપ નહિ, તપ વિના શુદ્ધિ નહિ અને શુદ્ધિ વિના સિદ્ધિ નહિ



જૈન શાસનની તાત્વિક શ્રેષ્ઠતા જેમ એનો અદ્‌ભુત-અનુપમ અનેકાંતવઆદ છે, તેમ લોકદ્રષ્ટિએ શ્રેષ્ઠતા એનું અદ્‌ભુત-અનુપમ તપ છે. જૈન હો કે જૈનેતર હોઃ દરેક સરેરાશ સ્તરની વ્યક્તિમાં જૈન શાસને દર્શાવેલ તપશ્ચર્યા માટે ઉત્તમ અહોભાવ નિહાળવા મળે છે. એટલે જ તપપદ પૂજામાં કવિવર પંડિત પદ્મવિજયજી ગણિવરે આ મસ્ત પંક્તિ લખી છે કે **'તપસ્યા કરતાં કરતાં હો કે ડંકા જોર બજાયા હો.'**

તપ આત્મકલ્યાણનો માર્ગ છે. એટલે તો કહેવાય છે કે આત્મકલ્યાણની ઇચ્છા રાખનાર મનુષ્યને સૌપ્રથમ તપની દીક્ષા આપવામાં આવે છે. કારણકે તપથી મનુષ્યને શરીરબળ, મનોબળ, પદ-પ્રતિષ્ઠા અને સુખ પ્રાપ્ત થાય છે. તપ એટલે સહન કરવું, તપ એટલે ઘસાવું. જેમ સોનાને અગ્નિમાં તપાવવાથી એ વધારે શુદ્ધ બની ચમકી ઉઠે છે તેમ મનુષ્યનું જીવન પણ મુશ્કેલીઓમાંથી પસાર થાય છે ત્યારે નિરખી ઉઠે છે. આ સંસારમાં રહીને મનુષ્ય પોતાના જીવનમાં આવતી અનેક મુશ્કેલીઓ સામે લડતો રહે એ તપ છે. તે પોતાનો વ્યક્તિગત સ્વાર્થ છોડી દઇ બીજાનું ભલું કરે એ તપ છે.

જૈન આધ્યાત્મિક અભ્યાસમાં તપનું ખૂબ મહત્ત્વ છે. સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ આચરણ અને સમ્યક્ તપસ્યા એ જૈન સાધના પદ્ધતિનાં ચાર અંગ છે, જેમાંથી સમ્યક્ તપનું પોતાનું વિશેષ મહત્ત્વ છે. તમામ દુઃખોથી મુક્ત થવા માટે વ્યક્તિ સંયમ અને તપસ્યા દ્વારા ભૂતકાળનાં કર્મો નાશ કરીને મોક્ષ પ્રાપ્ત કરી લે છે. જેમ અશુદ્ધ સોનાને અગ્નિમાં તપાવીએ તો શુદ્ધ થઇ જાય છે એમ જીવ તપ કરી કર્મોને બાળી સોનાની જેમ શુદ્ધ થઇ જાય છે.

તપસ્વીઓ નું બહુમાન કરવા માટે શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ-મુંબઈ દ્વારા આયોજીત કાયમી લાભાર્થી પરિવાર પુણ્યશાળી પિતાશ્રી ગોકળદાસ મુળજી સંઘવી તથા માતુશ્રી સુરજબા ગોકળદાસ મુળજી સંઘવી પરિવાર દ્વારા પ્રેરિત મુંબઈમાં વસતા સમાજના તમામ ઉગ્ર તપસ્વીઓ નું બહુમાન શુક્રવાર તા.૧૬-૦૨-૨૦૨૪ ના રોજ બપોરે ૩.૩૦ કલાકે અંધેરી ખાતે આયોજન કરવામાં આવેલું હતું.

તપસ્વીઓ ની નામવેલી તથા વિગત ભેગી કરવાની જવાબદારી કમિટી મેમ્બર શ્રી સંજયભાઈ ધનસુખલાલ મહેતા ને સોંપવામાં આવી હતી અને તેઓ એ વોટસ્એપ ના માધ્યમ થકી દરેક મંડળમાં મેસેજ મોકલાવ્યા તેમજ બહુમાન સમારંભ માટેની પહેલેથી છેલ્લે સુધીની તમામ જવાબદારી સફળતા પૂર્વક નિભાવી હતી.

કાર્યક્રમની શરુઆતમાં સહુને ચાહ/કોફી અને બિસ્કિટ આપવામાં આવ્યા હતાં. સાંજે ૪ કલાકે કાર્યક્રમની શરુઆત કરતા સમાજના મંત્રી શ્રી પરિમલભાઈ ભીમાણીએ સહુને આવકાર આપ્યો હતો. દાતા પરિવાર તરફથી તપસ્વીઓનું બહુમાન કરવા માટે લાભાર્થી પરિવાર વતી શ્રી વિપુલભાઈ રસિકલાલ સંઘવી તેમજ શ્રીમતી બીજલ વિપુલભાઈ સંઘવી એ હાજરી આપી હતી.

બહુમાનની શરુઆત શ્રી જયંતભાઈ દોશીના સુમધુર સ્વરમાં નવકાર મંત્રથી કરવામાં આવી હતી.

**ઉગ્ર તપશ્ચર્યા ૫૧ ઉપવાસના તપસ્વી શ્રીમતી હર્ષાબેન ગીરીશભાઈ મહેતા**

**સિદ્ધિતપ :**

દર્શનાબેન જયેશભાઈ વસા
હર્ષાબેન હસમુખભાઈ શેઠ
રિદ્ધિબેન હસમુખભાઈ શેઠ
હિનાબેન મિલનભાઈ શેઠ
પલ્લવીબેન ભરતભાઈ મહેતા
દર્શીતા પારસભાઈ ભાયાણી
વૃષ્ટિબેન હિતેશભાઈ શાહ
હર્ષાબેન અશોકભાઈ વસા

**વર્ષીતપ :**

પ્રજ્ઞાબેન હરીશકુમાર મહેતા
હીનાબેન પ્રફુલભાઈ શાહ

**મુંબઈ સમાજવતી બહુમાન કરવા હાજર રહેલા પ્રતિનિધિઓ**

શ્રી કિરીટભાઈ મહેતા - પ્રમુખ
શ્રી પરિમલભાઈ ભીમાણી - સેક્રેટરી
શ્રી યોગેશભાઈ વોરા - ખજાનચી

**કમિટી મેમ્બર્સ**

શ્રી સંજયભાઈ મહેતા
શ્રી જયેશભાઈ દોશી
શ્રી કિશોરભાઈ રામાણી
શ્રી જયેશ એસ વસા

સમાજ તરફથી બહુમાન કરવા માટે શ્રીમતી રીટાબેન મહેતા, શ્રીમતી દર્શનાબેન ભીમાણી બહુમાન કરવાના હેતુથી નિમંત્રણ આપવામાં આવ્યું હતું. બહુમાન બાદ તપસ્વીઓના પ્રતિસાદ આપવા જણાવવામાં આવ્યું હતું અને તપસ્વીઓએ તેમનો અનુભવ ખૂબજ આનંદથી વ્યક્ત કર્યો અને વાતાવરણમાં ધર્મમય મહેક પ્રસરવા લાગી.

પ્રમુખશ્રી કિરીટભાઈ, પરિમલભાઈ એ તેમજ સમાજ વતી હાજર રહેલા દરેક કમિટિ મેમ્બર્સએ તપસ્વીઓની ખુબ ખુબ અનુમોદના કરી હતી. ...ત્યારબાદ ચોવીયાર કીર છુટ્ટા પડ્યા હતા.

## યોગ્ય સમયે ભોજન કરવાથી બાયોલોજિકલ ક્લોક ડિસ્ટર્બ નહીં થાય

# 'સિકલ સેલ એનીમિયા' વારસાગત અને વિચિત્ર બીમારી

**સિકલ સેલ રોગ શું છે ?**

સિકલ સેલ રોગ કે જેને સીકલ સેલ એનીમિયા પણ કહેવાય છે. સિકલ સેલ એનીમિયા એ રક્તકણમાં રહેલા ખામીયુક્ત હીમોગ્લોબીન-એસ (hb-s) ના કારણે થતો વારસાગત રોગ છે. આ રોગથી પીડાતી વ્યક્તિના લોહીમાં જરૂરી માત્રામાં ઓક્સિજન ન હોવાથી તે ઝડપથી થાકી જાય છે. એમાં રક્તકણોનો આકાર ગોળમાંથી દાતરડા જેવો બની જાય છે. આ રોગને સંપૂર્ણ પણે મટાડી શકાતો નથી, પણ આ સમસ્યાને અટકાવી જરૂર શકાય છે. માતા-પિતા બંનેને આ રોગ હોય ત્યારે બાળકને વારસામાં આ રોગ મળે જ છે. માતા-પિતા બેમાંથી કોઈ એકને હોય તો બાળકની સ્વસ્થ હોવાની આશા વધી જાય છે. સામાન્ય હીમોગ્લાબિન ધરાવતો માતા-પિતાનાં બાળકોને આ રોગ થતો નથી અને એટલે જ એ બાળકોને વારસામાં સામાન્ય હીમોગ્લોબિન જ મળે છે.



**આ દિવસ ઊજવવાની શરૂઆત ક્યારે થઈ ?**

સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દ્વારા (United Nations General Assembly)૨૦૦૮ માં વિશ્વ સિકલ સેલ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી. સામાન્ય લોકોમાં આ વિશે જાગૃતિ ફેલાય એ માટે ૨૦૦૯માં ૧૯ જૂનના રોજ પહેલી વાર દિવસની ઉજવણી કરવામાં આવી.

**સિકલ સેલનાં પ્રકારઃ**

**સિકલ સેલ ટ્રેઈટ :** આવી વ્યક્તિ રોગના વાહક તરીકે કા કરે છે. એમાં અસામાન્ય હીમોગ્લોબિનનું પ્રમાણ ૫૦%થી ઓછું હોય જ્યારે સામાન્ય હીમોગ્લોબિન ૫૦%થી વધુ હોય છે. આથી વ્યક્તિમાં સિકલ  સેલ રોગના ચિન્હો કાયમ ન રહેતાં કોઈક વાર દેખાય છે. તેમ છતાં તેઓ પોતાનાં બાળકોમાં આ રોગ વારસામાં આપી શકે છે.

**સિકલ સેલ ડિસીઝ :** વ્યક્તિમાં અસામાન્ય હીમોગ્લોબિનનું પ્રમાણ ૫૦%થી વધુ જે લગભગ ૮૦% જેટલું હોય છે અને સામાન્ય હીમોગ્લોબિન નથી હોતુ. આવી વ્યક્તિમાં સિકલ સેલ રોગનાં લક્ષણો કાયમી રહે છે, જેથી તેના શરીરનો વિકાસ રૂંધાય છે. બાળકને વારસામાં આ રોગ મળે છે.

**સિકલ સેલનાં લક્ષણો :** વારંવાર તાવ આવે, શરીરમાં કળતર થાય, સાંધા તેમજ હાડકામાં સોજો આવે અને દુખાવો રહે, સગર્ભા માતાને ગર્ભપાત થવાની શક્યતા, શરીર ફીક્કું પડી જાય, વારંવાર પેટ દુઃખે, વારંવાર કમળો થાય, ચેપ લાગે, ઝાડા-ઉલટી થાય. પાંડુરોગ થાય, લીવર પર સોજો આવે, પિતાશમાં પથરી થાય... કોઈ પણ વ્યક્તિને આવી કોઈ શારીરિક તકલીફ થતી હોય તો તેણો સિક સેલ એનીમિયાની તપાસ કરાવવી ખૂબજ જરૂરી છે.

સારાવાર : વધારે માત્રા પાણી પીવું, દરરોજ ૧૦ થી ૧૫ ગ્લાસ પાણી પીવું. દરરોજ ફોલિક એસિડની ૫મિ.ગ્રાની ગોળી લેવી, સમતોલ આહાર લેવો, નિયમિત ડોક્ટર પાસે તપાસ માટે જવું, વધારે ઠંડી  પડે ત્યારે સ્વેટર કે મફલર પહેરવું, વધુ પડતું શારીરિક શ્રમવાળું કામ ન કરવું, તડકામાં બહાર ન જવું. સિકલ સેલના દર્દીએ હીપેટાઈટિસ-બી અને ન્યુમોનિયાની રસી લેવી જોઈએ. વરસાદમાં ન પલળવું, વ્યસનથી દૂર રહેવું.

**૧૯ જૂન : વર્લ્ડ સિકલ સેલ ડે**

**ભારતમાં સૌથી વધારે સંખ્યા**

ભારતામાં સિકલ સેલ રોગથી પીડાતાં લોકોની સંખ્યા સૌથી વધારે છે. આ રોગ દક્ષિણ ભારત, છત્તીસગઢ, બિહાર, મહારાષ્ટ્ર તેમ જ મધ્ય પ્રદેશની આસપાસના ક્ષેત્રોમાં સૌથી વધારે જોવા મળે છે. ગુજરાતમાં ખાસ કરીને દાહોદ,પંચમહાલ, નર્મદા, ભરુચ, સુરત, નવસારી, વાપી, વલસાડ, ડાંગ જિલ્લાનાં લોકોમાં સિકલ સેલ એનીમિયા રોગ સૌથી વધારે જોવા મળે છે.

**(પૂરક માહિતી : ડો. નિશાંત નમ્બીસન, સરકારી હોમિયોપથી કોલેજ) સૌજન્ય : દિવ્યભાસ્કરમાંથી**

# શ્રદ્ધાંજલી

જન્મ

તા. ૨-૬-૧૯૩૫





અરિહંત શરણ

તા. ૩૧-૧૨-૨૦૨૩



## સ્વ. માતુશ્રી વિજયાબેન વૃજલાલ વોરા

મૂળ વતન : ધોરાજી

"સુખ-દુ:ખમાં હસતા રહ્યા તમે, સૌના હૃદયમાં વસતા રહ્યા તમે
જીવન એવું જીવ્યા ભુલ્યું નહીં ભુલાય, સુવાસ એવી પાથરી કદીએ નહીં વિસરાય,
તમે સચ્ચાઇ, પ્રેમ, મહેનત, સંસ્કારિત જીવન જીવવાનું
અમને માર્ગદર્શન આપી ચાલ્યા ગયા જે કદીએ નહીં વિસરાય"

**લિ.**

**સ્વ. કિરીટભાઈ, ગીતાબેન, કેવીન, ખ્યાતિ, યુગ, વિહાન,**

**શ્રી શૈલેષભાઈ, રૂપલબેન, કેવલ, કાજલ**

**શ્રી કૈલેશભાઈ, નીતાબેન, હેનલ, પ્રિયા, જમાઈ-પાર્થકુમાર**

**શ્રી રાજેશભાઈ, બીનાબેન, આગમ, પૂજા**

**સ્વ. જ્યોતિબેન રાજેન્દ્રકુમાર મહેતા**

**શ્રી જગજીવનદાસ સીરાજ વોરા પરિવાર**

**VORA SHAILESH VRAJLAL**
D - 401 / 402, Pancham Apt., Bldg.,No.1, Hemu Kalani Road No.2,
Irani Wadi, Kandivali (W), Mumbai - 400067. Mobile : 9821045422

Contract |1|

## શ્રદ્ધાંજલી







જન્મ :
તા. ૨૮-૧-૧૯૩૧

અરિહંત શરણ
તા. ૮-૩-૨૦૦૫

# સ્વ. શ્રી વૃજલાલ જગજીવનદાસ વોરા

મૂળવતન : ધોરાજી

**તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા**
**સુગંધ જેની ચૌતરફ મૂકતા ગયા**
**સુખને છલકાવ્યું નહીં, દુ:ખને દેખાડયું નહીં**
**જીવન તમે એવું જીવ્યા, ભૂલ્યું ભૂલાય નહીં.**
**સુગંધ આપના સ્નેહની પ્રસરતી રહેશે**
**વસ્યા છો દૂર છતાં, કૃપા આપની વરસતી રહેશે.**
**આપનો હસતો તેજસ્વી ચહેરો, પરોપકારી સ્વભાવ,**
**ધર્મ અને જીવન પ્રત્યેની ઉદાર ભાવના.**
**સમાજ અને કુટુંબ પ્રત્યેની શુભ ભાવના સદાયે યાદ રહેશે.**

લિ.
સ્વ. વિજયાબેન વૃજલાલ વોરા
સ્વ. કિરીટભાઈ, ગીતાબેન, કેવીન, ખ્યાતિ, યુગ, વિહાન,
શ્રી શૈલેષભાઈ, રૂપલબેન, કેવલ, કાજલ
શ્રી કેલેશભાઈ, નીતાબેન, હેનલ, પ્રિયા, જમાઈ-પાર્થકુમાર
શ્રી રાજેશભાઈ, બીનાબેન, આગમ, પૂજા
સ્વ. જ્યોતિબેન રાજેન્દ્રકુમાર મહેતા

**શ્રી જગજીવનદાસ સીરાજ વોરા પરિવાર**

**VORA SHAILESH VRAJLAL**
D - 401 / 402, Pancham Apt., Bldg.,No.1, Hemu Kalani Road No.2,
Irani Wadi, Kandivali (W), Mumbai - 400067. Mobile : 9821045422

Kayami

## જળવાયુ પરીવર્તનની અસર:
## તીવ્ર ગરમીથી શરીરને ૨૭ નુકસાન, કિડની ફેલ, કાર્ડિયાક એરેસ્ટનું જોખમ



તાજેતરના અભ્યાસથી જાણવા મળ્યું છે કે; દુનિયાભરમાં જળવાયુ પરિવર્તન કેવી રીતે મોટું જોખમ બની રહ્યું છે. અમેરિકાના આઈએમડી અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ કલાઈમેટ ચેન્જનો એક અભ્યાસ જણાવે છે કે, છેલ્લા એક દાયકામાં ગરમ દિવસોની સંખ્યા ઝડપથી વધી છે. તેની સીધી અસર શરીર પર પડી રહી છે. અભ્યાસ મુજબ અમેરિકામાં ૧૯૮૧ થી ૧૯૯૧ ની વચ્ચે હીટ વેવના દિવસોની સંખ્યા ૪૧૩ હતી, જ્યારે ૨૦૧૦-૨૦૨૦ વચ્ચે તેની સખ્યા ૬૦૦ થઈ ગઈ છે. તેનાથી શરીરના ઓવર હીટિંગનું જોખમ વધ્યું છે. આરામની સ્થિતિમાં શરીરનું તાપમાન ૩૭ ડિગ્રી સેલ્સિયસની આસપાસ હોય છે. વાતાવરણનું તાપમાન વધવાથી તીવ્ર ગરમી આપણને પ્રભાવિત કરવા લાગે છે. આ સ્થિતિમાં શરીરનું તાપમાન વધવાથી શરીરના મુખ્ય અંગોને મુકસાન પહોંચવાની આશંકા વધી જાય છે. ત્વચામાં રક્તપ્રવાહ વદે છે અને હ્રદય પર તણાવ વદે ચે.

**પારો સતત ૪૦ ડિગ્રીથી ઉપર જવાના આ જોખમ**

**કોશિકાઓ :** મિસ ફાયર કરવા લાગે છે, ધીમી પડે છે.

વધુ ગરમીમાં મસ્તિષ્ક માંસપેશિઓના ધીમા પડવાનો સંકેત આપે છે. તંત્રિકા કોશિકાઓ મિસ ફાયર કરવા લાગે છે, માથાનો દુ:ખાવો, નાક વહેવું અને ઉલટીની ફરિયાદ થવા લાગે છે. પરસેવો નીકળવાથી ઈલેક્ટ્રોસાઈટ્સ કામ કરવાનું બંધ કરવા લાગે છે.

**કિડની : નિષ્ક્રિય થવાનું જોખમ વધે છે, ટોક્સિન શરીરમાં ફેલાય છે.**

ઓવર હીટિંગથી અનેક લોકોમાં સંપૂર્ણ રીતે પરસેવો નીકળવાનું બંધ થઈ જાય છે. તેમની ત્વચા ગરમ અને શુષ્ક થઈ જાય છે. શરીરમાં આંતરિક ઈન્ફલેમેશન શરૂ થાય છે., જેનાથી કિડની પર દબાણ વધે છે. થોડા સમય પછી કિડની પેલ થઈ જાય છે. જેના કારણે શરીરમાં ટોક્સિન્સ ફેલાઈ જાય છે.

**હાર્ટ : કાર્ડિયાક એરેસ્ટનું જોખમ વધે છે, અંગોકામ કરવાનું બંધ કરે છે.**

શરીરનું તાપમાન સામાન્યથી ૦.૫ ડિગ્રી સેલ્સિયસ વધતા હાર્ટ બીટ પ્રતિ મિનટ ૧૦ સિધી વધી જાય છે. શરીર જો સતત ૪૦ ડિગ્રી સેલ્સિયસ તાપમાનમાં રહે છે તો અંગો ધીમે-ધીમે કામ કરવાનું બંધ કરી દે છે. કોશિકાઓ નષ્ટ થવા લાગે છે. હાર્ટ કાર્ડિયાક એરેસ્ટમાં જતુ રહે છે..

**બલ્ડ પોઈઝનિંગ :** ઓવર હીટિંગને કારણે આંતરડાંને ગંભીર નુકસાન પહોંચે છે, જેનાથી પાચનતંત્ર ખરાબ થાય છે અને લોહીમાં ઝેરી પદાર્થોનું પ્રમાણ વધાવા લાગે છે.

**મસ્તિષ્કમાં સોજો :** જો સમય રહેતા ઓવર હીટિંગથી ન બચવામાં આવે તો મગજમાં સોજો ચઢી જાય છે.

**લિવર ફેલિયર :** ઓવર હીટિંગથી બચવા માટે શરીરમાંથી વધુ પ્રમાણમાં પરસેવો નીકળે છે. જેના માટે લિવરને ક્ષમતા કરતાં વધુ કામ કરવું પડે છે. લિવર પર દબાણ વધવાથી તે પેલ થઈ શકે છે.

**શરીરનું તાપમાન ઘટાડવાના ઉપાય**

**(૧) ડોક, માથા પર પાણી-બરફ લગાવો**

કાંડું,ડોક,છાતી અને માથાની ાજુબાજુ રક્તનલિકાઓ ત્વચાની સૌથી નજીક જ હોય છે. આ સ્થિતિમાં અહીં પાણી કે બરફ લગાવીને લોહીનું તાપમાન ઝડપથી ઘટાડી શકાય છે. તેનાથી શરીરને ઝડપથી ઠંડકનો અહેસાસ થાય છે.

**(૨) શીતલ પ્રાણાયમ કરો**

• આરામની મુદ્રામાં બેસી જાઓ • જીભને થોડી બહાર કરીને રોલ કરો • હવે મોઢાથી ધીમે-ધીમે શ્વાસ લો • હવે ધીમે-ધીમે નાકથી શ્વાસ છોડો • આવું ૩ થી ૫ મિનિટ સુધી કરતા રહો.

**(૩) પાણી,જ્યૂસનું પ્રમાણ વધારી દો**

પિપરમિન્ટમાં રહેલા હાઈ મેન્તોલના કારણે ઝડપથી ઠંડકનો અહેસાસ થાય છે. નારિયેલના પાણીમાં ઈલેક્ટ્રોલાઈટ્સ,વિટામિન્સ અને મિનરલ્સ હોય છે. જે શરીરમાં ઝડપથી ઊર્જાનો સંચાર કરે છે, જેના કારમે શરીરની ગરમી ઘટે છે.

**(૪) શારીરિક મૂવમેન્ટ ઓછામાં ઓછી કરો**

શરીર જ્યારે મૂવમેન્ટ કરે છે તો માંસપેશિઓ ઝડપથી સક્રિય થઈ જાય છે. જેનાથી શરીર ગરમી ઉત્સર્જિત કરે ચે. તેને ગરમીનો વધુ અહેસાસ થાય છે. શરીરનું તાપમાન વધે છે. મૂવમેન્ટ ઘટાડવાથી રાહત મળે છે.

- સૌજન્ય:

## ૧૫ મી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલી



# સ્વ. ધીરજલાલ ચંદુલાલ માઝની

સ્વર્ગવાસ : તા. ૨૧-૩-૨૦૦૯, ફાગણ વદ ૧૦

**“તમે ધૂપસળી જેવું જીવન જીવી ગયા**
**સુગંધ જેની ચૌતરફ મૂકતા ગયા.”**

**આપના આત્માને પરમકૃપાળુ પરમાત્મા**
**પરમ શાંતિ આપે તેમ જ આપના આશીર્વાદ હંમેશા**

**અમારી સાથે રહે એવી અમારી**
**અંત:કરણપૂર્વકની પ્રાર્થના...!!!**

**લિ.**

| | | |
|---|---|---|
| ધર્મ પત્ની | : | લીલમબેન |
| પુત્ર | : | હરેશ, નરેશ |
| પુત્રવધુ | : | હીના, વૈશાખી |
| પુત્ર-જમાઈ | : | કલ્પના અમિતકુમાર મોદી |
| પૌત્ર | : | હેમીત, જૈનીલ |

**તથા**

**સમસ્ત માઝની પરિવાર**

Kayami

# ૨૪ મી પુણ્યતિથિએ શ્રદ્ધાના સુમન - માતૃવંદના







## સ્વ. લાભકુંવરબેન ભગવાનજી મહેતા

**અરિહંતશરણ: ફાગણ સુદ-૧, મંગળવાર તા.૭-૩-૨૦૦૦,**

**મુળ વતન : જુનાગઢ        હાલ : બોરીવલી - મુંબઈ**

તમારા કારણે અમે અમારા જીવન માં સફળ થયા છિએ.
તમે અમને છોડીને ચાલ્યા ગયા અમે આજે પણ તમારા બતાવેલા માર્ગે છિએ.
આંખો હજુ નિહાળે છે તમને, અંતર હજુ પોકારે છે તમને,
સ્મરણ તમારુ થાય છે અમને, મન મુકીને રડાવે છે અમને,
રડતા રડતા અશ્રુઓ ખુટે છે. તમારી યાદ માં આંસુ રોકી શકતા નથી,
અંજલી આપતા શબ્દો ખુટે છે, પુષ્પાંજલી આપતા પુષ્પો ખુટે છે.
શ્રધ્ધાંજલી અર્પવા ઉપાડી કલમ, આંસુ થી ભિંજાઈ ગયા કાગળ.
તમે હંમેશા અમારા હ્રદય માં રહેશો.તમારો લાગણીશીલ સ્વભાવ ક્યારેય ભુલાશે નહી
પ્રભુ આપણા દિવ્ય આત્માને શાંતિ આપે એજ અમારા સહપરિવારની અંતર થી પ્રાર્થના.

પુત્ર-પુત્રવધુ: વિનોદ -નયના, પૌત્ર- પૌત્રવધુ: આશિષ –ચાંદની પૌત્રી-જમાઈ: સોનલ-વિશાલ
પ્રપૌત્રી-પ્રપોત્ર: વીયોના - માહિત        દોહિત્ર: ક્રિશ

પુત્ર-પુત્રવધુ: સુરેશ-જયશ્રી પૌત્ર-પુત્રવધુ: ભાવિન-કિંજલ પૌત્ર-પુત્રવધુ: જીમીત-કૃપા
પ્રપોત્ર: રિયાન        પ્રપૌત્રી-વિયા
દીકરી-જમાઈ: પુષ્પાબેન નવનીતરાય વસા.

**તથા**

**સમસ્ત મહેતા પરિવાર**

**સૌજન્ય** : Elegance Realty, Borivalli, Mumbai

Kayami

# શુભ અમૃત વચનો

જાહેરમાં ઝઘડા કરવાથી જીવનના કકળાટ અને ઉકળાટ દૂર થતા નથી પણ પરમાત્માની વાણી હૃદયમાં ઉતારવાથી કકળાટ - ઉકળાટ દૂર થાય છે.

ભગવાને અંતિમ દેશનામાં એક જ વાત પર ભાર મુક્યો કે - પુણ્યના એકપણ અવસર છોડતા નહિ અને પાપના એકપણ અવસર પકડતા નહિ.

આપણા પુણ્યનો, મનનો અને આયુષ્યનો કોઇ ભરોસો નથી. માટે હમણાંજ ધર્મ કરીલો.

મારા મૃત્યુ પછી પાછળ રહી જનારા પરિવારનું શું ? એ ચિંતાથી વિમા પોલિસી કાઢનારો જીવ, મારા મૃત્યુ પછી આગળ જનારા આત્માનું શું ? એની ચિંતા કેટલી વાર કરે છે ?

આયુષ્ય વધારવું એ ભલે આપણા હાથમાં નથી પણ આયુષ્ય સુધરાવવું એ તો આપણા જ હાથમાં છે. તો એનો પુરૂષાર્થ ચાલુ કરી દો.

પ્રભુથી ઉંચુ કોઇ નિર્મળ તત્વ નથી.

પ્રભુનું સ્મરણ કરી સુતા પહેલા સાત નવકારનું સ્મરણ.

- સૌ પ્રથમ નિર્મળતાનું લક્ષ્ય હોવું જોઇએ.
- પ્રભુ સાથે આપણે તન્મય એટલા માટે નથી બની શકતા કેમકે આપણામાં મલિનતા છે.
- મનને સ્થિર બનાવતા પહેલા એ જે મેલું છે એને નિર્મળ બનાવવાનું.
- માયા ને છુપાવવાનો પ્રયત્ન એ વિકૃતિ છે.
- આપણો તપ - ધર્મ જ્ઞાનપૂર્વકનો હોવો જોઇએ.
- પરભાવમાંથી પરભાવમાં જવાનું છે.
- સદ્ગુણો આપણી સંપત્તિ છે, તો એના માટે આકર્ષણ કેમ નથી ?
- પૌદગલિક સુખ માટે નાની નાની વાતે કોઇ સાથે ઝઘડી પડીએ ! કોઇ વસ્તુ કોઇનાથી તૂટી ગઇ, પડી ગઇ, બગડી ગઇ, એ વધારે અગત્યનું ? વાતે વાતે ગરમી આવી જાય ! એ ન ચાલે ... દરેક વ્યવહારો ઠંડકથી કરવા જોઇએ.
- ઇચ્છા તે દુઃખ છે, ઇચ્છા પર જ કાપ મુકવો તે ધર્મ છે.
- મોક્ષની ઇચ્છા વગરનો જીવ શાસ્ત્ર વાંચીને વિદ્વાન થાય, પંડિત થાય પણ તત્વજ્ઞાની ન થાય.
- સમક્તિ એટલે દેવ-ગુરુ-ધર્મને પ્રાણ માને અને સંસારની દરેક વસ્તુને ખરાબ માને.
- ધર્મરત્નનો અર્થી કર્મ ના યોગે પાપ કરતો હોય પણ તે પાપ કરવા જેવું છે તેમ માનતો ન જ હોય.

**-૦-૦ શુભ ભાવમાં રહેવું ૦-૦-**

# 'મન અને નમ' વચ્ચેનો સંઘર્ષ વાત છે આપણાં મનની

**- બીના ભુપેશભાઈ મહેતા**

આપણું શરીર આપણું જીવન આપણી કારકિર્દી આપણા સંબંધો વગેરે દરેકનો માલિક આપણું મન છે. સારુ-નરસું ગમતું-અણગમતું, સાર-અસાર, વિનય-વિવેક, ભલું-બુરુ, સુખ-દુઃખ દરેક વસ્તુનું કારણ (કેન્દ્ર) આપણું મન જ છે.

**મનનું ઉંધુ કરીએ તો 'નમ'**

આમ જોવા જઇએ તો મન અને **નમ** બન્ને એકબીજાના વિરોધી છે. આપણું મન આપણને ઘણીવાર સારું કરવા દેતું નથી. એટલે કે સારા બનવા દેતું નથી. જયારે પણ કોઇ સાથે મતભેદ થાય છે ત્યારે આપણું મન તેને ક્ષમા આપવા દેતું નથી. અથવા બીજા અર્થમાં તે કોઇને નમવા તૈયાર થતું નથી. આપણું મન અહંકાર અને અહમથી ભરેલું હોય છે. મનમાં ક્રોધ અને દ્વેષની લેશ્યા સામાન્ય રીતે હોય જ છે. જો આપણને કોઇ એ કંઇ કીધું તો મન તેની સામે બળવો પોકારી તેનું ખરાબ કરવાનો વિચારો કરે છે. ત્યારે લાગે કે આપણે શું કરી શકીએ ? આપણા વશમાં શું છે ? આપણા અધિકારમાં શું છે ? આપણે શુંકરી શકીએ ? જયારે એ સવાલનો જવાબ વિચારીએ તો આપણે એટલું કરી શકીએ કે માનવું પડે કે આપણાથી કંઇ જ કરી શકાતું નથી, અને એ જ વાસ્તવિક્તા છે.

'નમે એ સહુંને ગમે' જયારે આ વાત આપણું મન અપનાવા તૈયાર થાય છે ત્યારે કંઇક અંશે આપણે આપણા ધર્મ તરફ વળીએ છીએ. અને ધર્મના સંસ્કાર કેળવવાથી આપણે આપણા મન ઉપર કાબુ મેળવી શકીએ અને 'નમનો' મન ઉપર વિજય થાય. ત્યારે આપણે જ આપણું જીવન સફળ બનાવા માટે સમર્થ થઇ શકીએ છીએ.

ધર્મ સમજાય તો ખબર પડે કે હમેંશા ક્ષમા આપનાર - નમી જનાર તે ઉચ્ચ છે હમેંશા આપણું જીવન કંઇક આપવા માટે હોવું જોઇએ લેવા માટે નહીં અને આમ સારા સંસ્કાર અને સદ્ગુણો કેળવી 'મન અને નમ' વચ્ચેનો સંઘર્ષ પૂરો કરી આપણે સહુ 'નમ' ને પ્રાધાન્ય આપીએ એવી શુભ ઇચ્છા.

આપણા ધર્મમાં પણ હંમેશા 'મન નહી પણ નમ' એ જ ઇશ્વરની આજ્ઞા છે.

# શ્રદ્ધાંજલીના સુમન



જન્મ
તા.: ૦૫-૦૨-૧૯૪૭



અરિહંત શરણ
તા.: ૦૭-૦૩-૨૦૧૫



## સ્વ. હર્ષદભાઈ રતિલાલ મહેતા

તમે આવ્યા અમારા જીવનમાં, ફૂલછડી બનીને,
ધૂપસળી બની સર્વત્ર મહેંકી ઊઠ્યા,
યાદ તમારી આવતા આંખલડી છલકાય છે,
જોઈ તસ્વીર તમારી, આસું ઊભરાય છે.


### પ્રેમાળ પરિવાર

**સ્વ.વિમળાબહેન રતિલાલ મહેતા**
**શ્રીમતી કિરણબહેન હર્ષદભાઈ મહેતા**
**ચિ.બિનીતા નિખિલેશ ઉતપત્ત**

રમેશભાઈ – હેમલતાબેન  મીનાક્ષીબેન – નરેશભાઈ વોરા
મધુકરભાઈ – પ્રજ્ઞાબહેન  સ્વ.નિર્મળાબહેન કાંતિલાલ વોરા
મનોજભાઈ – કુંદનબહેન  મહેશભાઈ – પ્રીતિબહેન
ઈન્દુબહેન – સ્વ.ભૂપતરાય અજમેરા  પંકજભાઈ – રેખાબહેન
સરલાબહેન – સ્વ.નીતિનભાઈ વોરા

Kayami

# શ્રદ્ધાંજલી



જન્મ :
૨૩-૧૧-૧૯૭૨

અરીહંતશરણ :
૨૨-૦૨-૨૦૨૪

## સ્વ. કમલભાઈ કાંતિલાલ દોશી

**મૂળવતન : ધોરાજી હાલ : બોરીવલી**

તમો એક પળમાં જીંદગીનું સંભારણું છોડી ગયા,
જીંદગી હતી ટૂંકી પણ લાગણીઓ અપાર મુકી ગયા.
સ્તબ્ધ થઇ જીંદગી અમારી તમારા વગર,
પરમકૃપાળુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે તેવી પ્રાર્થના.

લિ.

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ – મુંબઈ

**શ્રી કિરીટભાઈ મહેતા**
પ્રમુખ

**શ્રી ધીરેનભાઈ વસા**
ઉપપ્રમુખ

**શ્રી આશિષભાઈ મહેતા**
માનદ્ મંત્રી

**શ્રી યોગેશભાઈ વોરા**
ખજાનચી

**શ્રી પરિમલભાઈ ભીમાણી**
માનદ્ મંત્રી

### કારોબારી કમિટી સભ્યો

શ્રી રાજેન્દ્રભાઈ પુનાતર, શ્રી મહેશભાઈ વોરા, શ્રી કિશોરભાઈ રામાણી,
શ્રી જયંતભાઈ દોશી, શ્રી સંજયભાઈ મહેતા,
શ્રી કિર્તિભાઈ વસા, શ્રી અતુલભાઈ વસા, શ્રી જયેશભાઈ એસ. વસા,
શ્રી શૈલેષભાઈ વોરા, શ્રી જયેશભાઈ સી. વસા, શ્રી પ્રવિણચંદ્ર વોરા

## માર્ચ માસના મુખપત્રના સૌજન્યદાતા
## શ્રી શ્રીકાંતભાઈ (ભીખુભાઈ) સાકરચંદ વસા



આપણા સમાજના ભૂતપૂર્વ પ્રમુખશ્રી તેમજ જૈન સમાજની અગ્રગણ્ય શિક્ષણ સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના ભૂતપૂર્વ માનદ્ મંત્રીશ્રી અને ભૂતપૂર્વ ટ્રસ્ટી શ્રીકાંત (ભીખુભાઈ) સાકરચંદ વસાના જીવનનો સંક્ષિપ્ત પરિચય અહીં આપેલ છે.

પ્રાથમિક શિક્ષા રાજકોટમાં તથઆ માધ્યમિક શિક્ષણ ધોરાજી ખાતે શ્રી દેવકરણ મૂળજી જૈન બોર્ડીંગમાં કરેલ. બોર્ડીંગના ડોનર ટ્રસ્ટી પણ છે. ત્યારબાદ મુંબઈ આવી કોલેજમાં અભ્યાસ કરી, મુંબઈ યુનિવર્સિટીમાંથી એલ.એલ.બી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. જે સંસ્થામાં તેઓ વિદ્યાર્થી તરીકે ભણ્યા તે જ સંસ્થા શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં ભૂતપૂર્વ ચેરમેન તથા માનદ્‌મંત્રી પદ શોભાવી ચૂક્યા છે. જે આપણા સમાજ માટે ગૌરવની વાત છે.

એડવોકેટ તરીકે ઇ.સ. ૧૯૬૫થી ટેક્ષ અને પ્રોપર્ટી કન્સલટન્ટ તરીકેના વ્યવસાયમાં સફળ થયા. ઇન્સ્વેસ્ટમેન્ટ અને પ્રોપર્ટીમાં સક્રિય રસ લઇ ખૂબ સફળતા મેળવી. સાધારણ કુટુંબમાં જન્મ લઇ સંઘર્ષ કરી વકીલાતનો અભ્યાસ કર્યો અને આપબળે શૂન્યમાંથી સર્જન કર્યું. એમની માન્યતા છે કે માનવી પુરુષાર્થથી જીવનમાં સફળ થાય છે. જોકે પ્રારબ્ધ હોવું પણ જરૂરી છે. પરંતુ પ્રારબ્ધ માનવીના હાથમાં નથી અને પ્રારબ્ધ માટે ઇશ્વરમાં શ્રદ્ધા તથા પ્રાર્થના સિવાય કોઇ વિકલ્પ પણ નથી. નિષ્ઠાપૂર્વક કરેલાં પ્રયત્નો, ઉઠાવેલો પરિશ્રમ અને ખંતપૂર્વકની સારી સમજણથી વ્યક્તિત્વનો વિકાસ શક્ય છે. વ્યક્તિ સમય અને સંજોગો પ્રમાણે શાણપણથી વિચારે, યોગ્ય આયોજન (પ્લાનિંગ) કરે તો સફળતા સહજ છે. નૈતિક મૂલ્યોનો આધાર અને કેળવણી જીવનમાં સમૃદ્ધિ લાવે, રિધ્ધિ, સિદ્ધિ, સમૃદ્ધિને સુ-સ્વાસ્થ્ય પણ આપે છે. ‘પહેલુ સુખ તે જાતે નર્યા’ નો અમલ કરવા માટે સપ્રમાણ જીવન જીવવું જરૂરી છે. અંતિમ માર્ગી બનવા કરતાં મધ્યમ માર્ગી બનવામાં વિશેષ ડહાપણ છે. આર્થિક સ્વાવલંબન જીવનમાં જરૂરી છે.

ધનનો સદઉપયોગ થવો જરૂરી છે, પરંતુ માત્ર ધન જ બધું સુખ આપી શકતું નથી. વિવેકદૃષ્ટિ, પ્રમાણભાન, કોઠાસૂઝ અને સમયસરનો યોગ્ય નિર્માણ વગેરે સફળતામાં સહાય કરે છે. વ્યવહારુ અભિગમ કોઇ કોલેજ કે યુનિવર્સિટીમાં શીખવવામાં આવતા નથી. તેના માટે યોગ્ય વાંચન અને સંત-સમાગમ જરૂરી છે. શિસ્ત અને નિયમિતતાના તેઓ આગ્રહી છે.

તેઓશ્રી ઘણી સંસ્થાઓમાં સભ્ય છે. કંપનીઓમાં ડાયરેક્ટરનાં હોદ્દા સંભાળે છે. રોટરી જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાના પણ તેઓશ્રી પ્રમુખ રહી ચૂક્યા છે.

સમાજોત્કર્ષના અભિગમમાં શ્રીકાંતભાઈ ઉત્તરોત્તર પ્રગતિ સાધતા રહે તથા ઇશ્વર તેમને દીર્ઘાયુષભર જીવન બક્ષે એવી સદ્‌ભાવના.

## માર્ચ માસના મુખપત્રના સૌજન્યદાતા
# શ્રીમતી ઇન્દુબેન શ્રીકાંતભાઇ વસા



શ્રીમતી ઇન્દુબેન શ્રીકાંતભાઇ વસાએ આપણા સમાજના મહિલા વર્ગને નેતૃત્વ પુરું પાડ્યું છે. તેઓએ અંધેરી, બાંદરા એસ.વી. જૈન સોશ્યલ સેન્ટરના લેડીઝ વીંગના ચેરપર્સન તરીકે યશસ્વી કામગીરી બજાવી હતી.

શ્રીકાંતભાઈ વસાની સફળતા પાછળ તેઓ એક મજબૂત પ્રેરક બળ રહ્યાં છે. તેમણે સામાજિક કાર્યો સાથે ગૃહિણી તરીકેની ફરજ ઉત્તમ રીતે નિભાવી છે અને પ્રસન્ન દામ્પત્યમાં મધુરતાની મહેંક ઉભી કરી હતી.

સંબંધોમાં સરળતા, મિલનસાર સ્વભાવ, મૈત્રીભાવ, દયા અને કરુણા આ બધા ગુણોએ તેમના વ્યક્તિત્વને નવો ઓપ આપ્યો છે. પારિવારીક શાંતિ, સદ્‌ભાવ અને સર્વને ઉપયોગી થવાની ભાવના હંમેશા તેમના દિલમાં વહેતી રહી છે અને તેમના પરિચયમાં આવતા સૌ કોઇની લોકપ્રિયતા હાંસલ કરી છે. પરિવારમાં શિક્ષણ, શિસ્ત અને સંસ્કારનું સિંચન કરીને એક સુખી જીવનનું અનેરું દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. બંને દીકરીઓને ઉચ્ચ શિક્ષણ આપીને તેમને જીવનમાં પોતાની રીતે સ્વમાનથી કઇ રીતે ઊભા રહેવું તેના સંસ્કાર આપ્યા છે. તેમની મોટી પુત્રી આર્કિટેક્ટ (ડાયમંડ જ્વેલરી) તથા નાની પુત્રી સી.એ.ફાઇનાનસીયલ કન્સલ્ટન્ટ છે અને તેમણે સફળ કારકિર્દી બનાવી છે.

ઇન્દુબેનને કોઇપણ જાતનું અભિમાન કે કીર્તિ પ્રસિદ્ધિનો મોહ નથી. જે કાંઇ કરવું તે ચુપચાપ કરવું અને તેનો સંતોષ માણવો એ તેમનો સ્વભાવ છે. તેઓ મહાવીર જૈન વિદ્યાલયના પેટ્રન અને હિતવર્ધક છે ઇન્દુબેન ખૂબજ વ્યવહારકુશળ, પ્રેમાળ અને આનંદસભર વ્યક્તિત્વ ધરાવે છે. આદર્શ ગૃહિણી, સર્વગુણ સંપન્ન નારી, મમતાળુ માતા તરીકેની ભૂમિકા તેમણે સુપેરે નિભાવી છે.

સાવરકુંડલાથી મુંબઈ જેવા શહેરમાં આવીને પોતાની ડહાપણ, સમયસૂઝથી પરિવારમાં સમાઈ જઇને તેમણે સર્વેના દિલ જીતી લીધા હતાં અને પોતાની આંતરશક્તિ દ્વારા જીવનને સમૃદ્ધ બનાવ્યું છે. જીવનમાં ભણતર કરતાં ગણતર વધુ મહત્ત્વનું છે અને જીવન એક મોટી પ્રયોગશાળા છે અને એમાં શીખતાં રહેવાનું છે એ તેમણે અનુભવથી સાબિત કર્યું છે.

તેઓ સંગીત, સાહિત્ય અને કલામાં ઊંડો રસ ધરાવે છે અને કલાગુર્જરી જેવી અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા છે. જીવનમાં સુખ અને દુ:ખનું સમાનભાવે સ્વાગત કર્યું છે અને બધાંમાથી પસાર થઇને તેમણે જીવનને ધ્યેયપૂર્ણ બનાવ્યું છે.

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય, પ્રાગજી વૃંદાવન સોસાયટી, રૂમ નં. ૪૩, ૩જે માળે, ૨૦/૨૪, જુની હનુમાન ગલી, મુંબઈ, ૪૦૦ ૦૦૨

## “શિક્ષણ સેવા અને સમર્પણ”

### સન્માન પત્ર



**શ્રીમતી**
**કંચનબેન અમીચંદભાઈ વોરા**

શ્રી જીવનભાઈ લક્ષ્મીચંદ વોરા પરિવારના શ્રી અમીચંદભાઈ અને શ્રીમતી કંચનબેનને શિક્ષણ અને તબીબી સેવા માટે અનન્ય ભાવ હતો. તેઓ માનતા હતા કે સમાજના ઉત્કર્ષ માટે શિક્ષણ અને તબીબી સેવા ખૂબ જરૂરી છે. સમાજ શિક્ષિત હશે તો સમાજની પ્રગતિ અને ઉત્કર્ષ જલ્દીથી થશે. આવા શુભ આશયથી તેમણે ૧૯૯૦માં પોતાનાં પુત્રોની સ્મૃતિમાં સંજય પરેશ અમીચંદભાઈ વોરા શૈક્ષણિક સહાય યોજના માટે સમાજને માતબર ફંડ આપીને આ યોજના શરૂ કરાવી હતી અને સમયે સમયે તેમાં વધારો કરતાં રહ્યાં છે જેથી આ યોજનાનો લાભ બહોળા વર્ગને મળે. શ્રી અમીચંદભાઈ નમ્ર, નિખાલસ, સ્પષ્ટ અને ખુલ્લા મનવાળા અને નવા જમાનાની શિક્ષણની જરૂરિયાતને ખરા સંદર્ભમાં સમજનાર બાહોશ વ્યક્તિ હતાં.

શ્રી અમીચંદભાઈના દુઃખદ નિધન પછી કંચનબેને તેમની ભાવનાને અનુરૂપ કાર્ય આગળ વધાર્યું છે અને જુદી જુદી સંસ્થાઓને ઉદાર હાથે સહાય કરી રહ્યા છે. અત્યારનાં સમયને અનુરૂપ તેમનું મુખ્ય ધ્યેય શિક્ષણ અને તબીબી સેવા રહ્યુ છે.

શ્રીમતી કંચનબેને શ્રી શુભેચ્છક મિત્ર મંડળ દ્વારા શરૂ કરાયેલી નવી તબીબી રાહત યોજના માટે માતબર રકમનું દાન આપીને સંસ્થાના તબીબી રાહતના કાર્યને વધુ સંગીન અને મજબૂત બનાવ્યું છે. જેનો લાભ સમાજના જરૂરિયાતવાળા લોકોને મળશે. સંસ્થા આ માટે તેમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરે છે.

આદરણીય કંચનબેન એક પીઢ, સમજદાર, સમયને ઓળખનાર અને અનુભવથી ઘડાયેલ સન્નારી છે. સુખ દુઃખમાંથી કેવી રીતે પર થઈ જવું અને નિશ્ચિત ધ્યેયને વળગી રહીને કેવી રીતે આગળ વધવું એ તેમની પાસેથી શીખવા જેવું છે. તેમની સહનશક્તિ અને સમર્પણ ભાવના અદ્‌ભૂત છે. તેઓ અત્યારનાં મહિલા વર્ગ માટે પ્રેરણા સમાન છે.

આવા સેવા સમર્પિત શ્રીમતી કંચનબેન અમીચંદભાઈ વોરાનું બહુમાન કરીને, તેમને સન્માનપત્ર અર્પણ કરવાની જે તક શ્રી સોરઠ વિશાશ્રી માળી શુભેચ્છક મિત્ર મંડળને મળી છે તે માટે સંસ્થા આનંદ અને ગૌરવની લાગણી અનુભવે છે.

**શુભ દિવસ – ૦૬/૦૧/૨૦૨૪, શનિવાર**

**શ્રી શશીકાંત ગીરધરલાલ વોરા (પ્રમુખ)**

| | |
|---|---|
| **શ્રી ચંદ્રકાંત ન્યાલચંદ પારેખ (ઉપપ્રમુખ)** | **શ્રી ચંદ્રકાંત નરોત્તમદાસ વોરા (ખજાનચી)** |
| **શ્રી અજય કાંતીલાલ પારેખ (માનદ્‌મંત્રી)** | **શ્રી વિનોદભાઈ ભગવાનજી મહેતા (માનદ્‌મંત્રી)** |

**અને તમામ કમિટી સભ્યો (૨૦૨૨–૨૦૨૫)**

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

શ્રી કાંતિલાલ ભગવાનદાસ શાહ કાર્યાલય, પ્રાગજી વૃંદાવન સોસાયટી, રૂમ નં. ૪૩, ૩જે માળે, ૨૦/૨૪, જુની હનુમાન ગલી, મુંબઈ, ૪૦૦ ૦૦૨

## ''જો જરૂરત મેં સાથ ખડા, વો ઈન્સાન સબસે બડા''

### સન્માન પત્ર



**શ્રીમાન**
**શરદભાઈ તારાચંદ મહેતા**

સોરઠ વિશાશ્રીમાળી સમાજના ટોચના આગેવાન અને પ્રખર દાનવીર શ્રી તારાચંદ ધનજી મહેતા પરિવારના મોભી આદરણીય શ્રી શરદભાઈએ કુટુંબની સેવા પ્રવૃત્તિને આગળ વધારીને સમાજના જુદા જુદા ક્ષેત્રોમાં ઉદાર હાથે દાનની ગંગા વહાવી છે.

શ્રી તારાચંદ ધનજી મહેતા ટ્રસ્ટ દ્વારા થયેલાં ઉમદા કાર્યો તારાચંદ બાપા હોસ્પિટલ (સાયન) ઉપરાંત શૈક્ષણિક  સંસ્થાઓ, શાળાઓ, કોલેજો, વિદ્યાર્થી ગૃહો. મહિલા વિકાસ યોજના, તેમજ જીવદયા અને ધર્મના ક્ષેત્રે તેમણે ઉદાર હાથે દાન આપ્યું છે. જરૂરિયાતવાળા લોકોને સહાય કરવામાં શ્રી શરદભાઈએ કદી હાથ સંકોર્યો નથી. શિક્ષણ અને તબીબી સેવા તેમનું મુખ્ય લક્ષ્ય રહ્યું છે.

સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્રમંડળની શ્રી તારાચંદ ધનજી મહેતા તબીબી રાહત યોજનામાં તેમણે  ઉદાર હાથે દાન આપ્યું છે. અને તેમાં ક્રમે ક્રમે વધારો કરીને આ દાનને માતબર બનાવ્યું છે. આનો લાભ સમાજના જરૂરીયાત વાળા લોકોને મળ્યો છે. આ ઉપરાંત સમાજની સમૂહ લગ્ન યોજનાના તેઓ મુખ્ય દાતા છે.

શ્રી શરદભાઈ એક સિધ્ધાંતનિષ્ઠ, કર્મશીલ, નિષ્ઠાવાન, અનુભવી આગેવાન છે, તેમણે સમયને ઓળખીને તેને અનુરૂપ યોજનાઓ અને કાર્યો શરૂ કરવા સમયે સમયે સમાજને માર્ગદર્શન આપ્યું છે. સમાજનું હિત તેમના હૈયે વસેલું છે. સમાજ વધુને વધુ પ્રગતિ કરે અને વિકાસના નવા સોપાનો સર કરે એવી તેમની અદમ્ય ઈચ્છા અને અભિલાષા રહી છે.

શ્રી શરદભાઈએ પિતાશ્રીના દાન, શિક્ષા, સેવા અને સાધનાના આ વારસાને સુપેરે જાળવી રાખીને અનેરું દષ્ટાંત પૂરું પાડ્યું છે.

આવા સેવાને વરેલા પ્રખર નિષ્ઠાવાન આગેવાન શ્રી શરદભાઈનું અભિવાદન કરવાની અને તેમને સન્માનપત્ર અર્પણ કરવાની જે તક શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળને મળી છે એ માટે સંસ્થા આનંદ સાથે ગૌરવની લાગણી અનુભવે છે.

**શુભ દિવસ – ૦૬/૦૧/૨૦૨૪, શનિવાર**

**શ્રી શશીકાંત ગીરધરલાલ વોરા (પ્રમુખ)**

**શ્રી ચંદ્રકાંત ન્યાલચંદ પારેખ (ઉપપ્રમુખ)** | **શ્રી ચંદ્રકાંત નરોત્તમદાસ વોરા (ખજાનચી)**

**શ્રી અજય કાંતીલાલ પારેખ (માનદ્‌મંત્રી)** | **શ્રી વિનોદભાઈ ભગવાનજી મહેતા (માનદ્‌મંત્રી)**

**અને તમામ કમિટી સભ્યો (૨૦૨૨–૨૦૨૫)**

# શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ, મુંબઈ

## દાતા પરિવાર સ્નેહ સંમેલન ૨૦૨૪ના યાદગાર સંભારણા.



JVK
SECURITIES
SAFE & SMART INVESTMENT

**VINIT DEEPAK KHAKHRA**

- EQUITY
- COMMODITIES
- CURRENCY
- MUTUAL FUND
- INSURANCE
- MEDICLAIM
- IPO
- FINANCE

**DEEPAK PRATAPRAI KHAKHRA :**

*Worried about physical transfer of shares???*

1. *Shares certificate are misplaced or lost but receiving dividends regularly on that shares*
2. *Shares and Dividend are deposited in to IEPE (Government Account)*
3. *Mismatch of names as per share Certificate V/s Demat Account of share*
4. *Demat of shares not happening due to signature mismatch*
5. *Difference of Name change before and after marriage*
6. *Transfer of shares from deceased parents name (After Death of Parents) to your name*
7. *Any other problem not listed above but need help for physical shares*

*M.:- 99670 50116 / 8779614453*
*jvksecurities@gmail.com*

*M.: - 9987063519 / 7977779126*
*deepakkhakhra10@gmail.com*

***One stop solution for above problems, contact US***

**H/704, VARDHMAN NAGAR, DR. R P ROAD,**
**MULUND (WEST) MUMBAI-400080**

# ભાવભીની શ્રદ્ધાંજલી



જન્મ :
તા.૨૦-૦૨-૧૯૪૮

અરિહંત શરણ :
તા.૦૭-૦૨-૨૦૨૪

## શ્રી કિશોરભાઇ મોહનલાલ શેઠ

(મોટી પાનેલી નિવાસી હાલ બેંગલોર)
(સ્વ. ચંચળબેન મોહનલાલ શેઠના પુત્ર)


એ હસતા ચહેરાએ ન કોઇનું દિલ દુખાવ્યું...
મનની સરળતાથી સૌને પ્રેમ ચૂકાવ્યું...
ઉડી ગયા અચાનક પ્રાણ
મોક્ષને પ્રાપ્તિ યાત્રાએ જ પ્રાર્થના...

લિ. પત્ની : તરૂલતાબેન
ભાઇ - ભાભી : મનિષા હિતુ શેઠ
પુત્ર - પુત્રવધુ : અ.સૌ. સેજલ પિયુષ શેઠ
પુત્રી - જમાઇ : અ.સૌ. જ્યોતિ વિપુલ શેઠ - અ.સૌ. વિભા વિવેક શાહ
બહેન - બનેવી : ગં.સ્વ. અનુબેન અનંતરાય મહેતા
અ.સૌ. ચંદ્રિકા અરવિંદભાઇ મહેતા
સ્વ. પ્રફુલા તરૂણભાઇ શાહ
અ.સૌ. હસુમતિ નિર્મલભાઇ દોશી
સ્વ. પન્ના હરેશભાઇ પટેલ
પૌત્ર - પૌત્રી : આર્યન, વિરતી
ભત્રીજી - જમાઈ : પૂજા વિકેશ શેઠ, પ્રેક્ષા ગુરુ પ્રસાદ
દોહિત્રી - દોહિત્ર : પલક, અમન, અનવી, પ્રથમ
સસરા પક્ષ - ધીરજબેન મનસુખલાલ વસા (જેતપુર હાલ મુંબઇ)
વેવાઇ પક્ષ - લલિતભાઇ ઓધવજી શેઠ (મુંબઇ)
ભરતભાઇ જેચંદ મહેતા (મુંબઇ)
અશોકભાઇ રમણલાલ શાહ (બેંગલોર)

**સ્વ. કિશોરભાઈ શેઠના ચક્ષુદાનથી બે દ્રષ્ટિહિનોને મળશે રોશની.**

VEERTHI AIRLINKS - S. K. COMPANY
Piyush Sheth (99641 42766)

## ભાવભીની શ્રધ્ધાંજલી



# સ્વ. શ્રી સૂર્યકાન્ત મનસુખલાલ લાલચંદ વોરા

જન્મ : તા.૧૩-૮-૧૯૪૩ ❖ સ્વર્ગવાસ : તા.૫-૩-૨૦૧૭ (ધોરાજી, હાલ-બોરીવલી)

*શૂન્યમાંથી સર્જન કરી,*
*સેવા સમર્પણ, નીડરતાની સાક્ષાત મૂર્તિ,*
*અમૃત ભરેલા અંતરવાળા, સાગર જેવા વિશાળ દિલવાળા,*
*કુટુંબ, સગાં તથા સ્નેહીને સદાય ઉપયોગી રહી,*
*વિશાળ વડલાની જેમ પોતાની છાયામાં*
*આવતા સર્વેને વિસામો આપતા*
*કર્મયોગી વડીલ...*

**પરમ કૃપાળુ પરમાત્મા તમારા દિવ્ય આત્માને**
**શાંતિ પ્રદાન કરે એવી હૃદયપૂર્વક પ્રાર્થના....**

શ્રદ્ધાંજલિ સહ...

**પિતાશ્રી : સ્વ. શ્રી મનસુખલાલ લાલચંદ વોરા - માતા : સ્વ. શ્રીમતી જયાકુંવર મનસુખલાલ વોરા**

**પત્ની : પ્રવીણાબેન - પુત્ર : ચિંતન - પુત્રી : ચેતાલી**

**ભાઈ : હસમુખ - ભાભી : સ્વ. મધુબાલાબેન - ભત્રીજા : જય, મિતેશ - ભત્રીજાવહુ : રીના, ફોરમ**

**બહેનો : સ્વ. અનસુયાબેન, સ્વ. ભાનુબેન, કુસુમબેન, પ્રતિભાબેન, જ્યોત્સનાબેન, હીતાબેન**

**સસરા : સ્વ. શ્રી નગીનદાસ નેણશી મહેતા - સાસુ : સ્વ. શ્રીમતી કંચનબેન નગીનદાસ મહેતા**

તેમજ

**સમસ્ત વોરા પરિવાર તથા મહેતા પરિવારનાં જય જિનેન્દ્ર**

# પ્રેમનું પાક્કું બંધન

(હૃદય સ્પર્શી સત્ય ઘટના - આંખો ભીની થઇ જશે)

– સંકલન : લલિતભાઈ શેઠ, ભાયંદર

સ્મિતા... લોકરની ચાવી ક્યાં છે ? કડક શબ્દોમાં ભાવેશ બોલ્યો... સ્મિતા બોલી કેમ આજે લોકરની ચાવીની તમને જરૂર પડી ?

એ તારો વિષય નથી. ચાવી ક્યાં છે. ?

કેમ આજે સવારે અચાનક આવું ખરાબ વર્તન વ્યવહાર કરવાનું કારણ ?

એ તું સારી રીતે જાણે છે... સ્મિતા હું ઘરની નાની બાબતમાં માથું મારતો નથી પણ જે સૂચના મેં આપી હોય તેનું ઉલ્લંઘન હું ચલાવી લેતો નથી તે તું જાણે છે છતાં પણ તે...

પણ તેમાં શું માટું આભ તૂટી પડ્યું કે તમે તમારી પત્ની સાથે આવું વર્તન કરો છો ? સ્મિતા બોલી

સ્મિતા કોઇ વ્યક્તી વિશેનો ઇતિહાસ ખબર ન હોય તો અયોગ્ય પગલા ન લેવા જોઇએ.

તું શું જાણે છે મારી માઁ વિશે ?

તને મારી માઁના સ્વર્ગસ્થ થયા પછી હું તેની પીતળની થાળી, વાટકો અને ચમચી ભોજન દરમ્યાન વાપરતો હતો એ તને ગમતું ન હતું.

તું કયારની મને આ થાળી વાટકો ચમચી બ્રાહ્મણ અથવા ભંગારમાં આપવાની જીદ પકડતી હતી. તારો સ્વભાવ અને નજર પ્રમાણે મારી માઁની થાળી એવી ગોબા વાળી થાળી વાટકી કે ચમચી જ માત્ર હતા.

આ બાબતે મેં તને ચેતવણી આપી હતી. તારે જે કરવું હોય તે કરજે પણ આ થાળી વાટકો કે ચમચી માટે કોઇ નિર્ણય લેતી નહિ. છતાં પણ તે એ થાળી વાટકો અને ચમચી ભંગારવાળાને વેચી નાખ્યા ?

તને મારી માઁની જૂની ગોબા વાળી થાળી પસંદ ન હોય તો તેના પહેરેલા જુના ઘરેણાં ઉપર પણ તોરો અધિકાર નથી. ચાવી આપ, એ ઘરેણાં હું કોઇ ગરીબ વ્યક્તિને આપી દઉં.

સ્મિતા સામું જોઇ રહી...

અંદરથી મારો પુત્ર શ્યામ આવ્યો પપ્પા આટલા બધા કદી ગુસ્સે નથી થતા, કેમ આજે ?

મેં આંખમાં પાણી સાથે કીધું. તારી દાદી અને મારી માઁની એક યાદ, તારી માઁએ ભંગારમાં વેચી નાખી. એ પણ મારી સ્પષ્ટ ના હોવા છતાં.

પણ પપ્પા એ થાળી...

બેટા એ થાળી વાટકા ચમચીનો ઇતિહાસ તારે જાણવો છે...આજે તું અને મમ્મી મારી સાથે આવો... આજે મારે ઓફિસ નથી જવું.

હું શ્યામ અને સ્મિતાને લઇ અમારા ગામડા તરફ કારમાં આગળ વધ્યો. મેં ગામડાના મંદિર પાસે કાર ઊભી રાખી. અંદરથી અમે નીચે ઉતર્યા ત્યાં પૂજારી પંડયાદાદા દોડતા આવ્યા અરે ભીખા તું.!

મારી પત્ની અને મારો પુત્ર શ્યામ મારી સામે જોઇ રહ્યા. એક કોર્પોરેટ કંપનીનો જનરલ મેનેજર જેનો પગાર મહિને ૨ લાખ રૂપિયા... તેને પૂજારી આ રીતે બોલાવે એ તો સ્મિતા શ્યામને ખબર જ ન હતી!

હું પૂજારીજીને પગે લાગ્યો.

પૂજારી બોલ્યો : બહુ મોટો વ્યક્તિ થઇ ગયો બેટા

મેં કીધું આ બધું આ પ્રભુ અને મારી માઁની કૃપા છે.

અમે દર્શન કરવા મંદિરમાં ગયા. દર્શન કર્યા પછી પૂજારીએ કીધું જમ્યા વગર જવાનું નથી. પૂજારી પંડ્યાદાદાએ પૂછ્યું, બા કેમ સાથે ન આવ્યા ?, મારી ભીની આંખ જોઇ પંડ્યાદાદા સમજી ગયા. એ બોલ્યા બેટા તારી માઁની અંદર ગજબનો આત્મિવશ્વાસ હતો. ભણી ભલે ઓછું હતી પણ તારો ઉછેર વગર બાપે કર્યો. એ છતાં બાપે કોઇ માઁ ન કરી શકે એવો હતો.

પંડ્યાદાદા મારા પરિવાર સામે જોઇ બોલ્યા. આ ભીખલાનું સાચુ નામ ભાવેશ છે. પણ ગામ આખું તેને ભીખો કહી પ્રેમથી બોલાવતું. કારણ ખબર છે ? શાંતાબાના ઘરે ત્રણ વખત ઘોડીયા બંધાયા પણ કોઇ પણ કારણથી આ બાળકોનું મૃત્યુ થતું... ચોથી વાર... આ ભાવેશ આવ્યો. ત્યારે તેની માઁ શાંતાબાએ તેના લાંબા આયુષ્ય માટે ચંપલ આખી જીંદગી ન પહેરવાની અને એક વર્ષ પાંચ ઘરે ભીખ માંગીને ખાવાની બાધા લીધી હતી. સવારે માંગીને ખાય ઘણી વખત પેટ પૂરતું ન પણ મળે... રાત્રે તો એક સમય ખાધા વગર ખેંચી લેતા. એક વર્ષ રોજ કોઇના ઘરે ભીખ માંગવા ઉભવું સહેલું નથી. એ પણ ભીખલાના લાંબા આયુષ્ય માટે!!!

ઉનાળો, શિયાળો, ચોમાસું... ખુલ્લા પગે ભીખલાના લાંબા આયુષ્ય માટે ફરતી એ માઁનું સ્વપ્ન મારી નજર સામે પુરૂં થયું, થયું એવું... ભીખલો તો બચી ગયો પણ એ વર્ષનો તેને મૂકીને તેનો બાપ ટૂંકી બીમારીમાં સ્વર્ગસ્થ થયો. શાંતાબા ઉપર આભ તૂટી પડ્યું. છતાં પણ તે હિમંત હાર્યા નહિ.

ગામના કામ કરે ત્યારે ભાવેશને અહિં મંદિરમાં વાંચવા માટે મૂકી જાય. ગામ આખાના કામ કરી અહીં આવે ત્યારે શાંતાબા થાકેલા હોય પણ મનમાં દ્દઢ વિશ્વાસ મારા ભાવેશને 'મોટો સાહેબ' બનાવવાનો છે. શાંતાબાને હું મારી બેન જ માનતો. મારી

આંખોમાંથી અવિરત આંસુ વહી રહ્યા હતા.

મારો પુત્ર પણ દાદીની વાતો સાંભળીને રડી પડ્યો. મારી પત્ની સ્મિતા હાથ જોડી બોલી, ભાવેશ મને માફ કર, માઁને સમજવા માટે દસ અવતાર ઓછા પડે. એ પણ રડી પડી અને બોલી... ફક્ત સાંભળીને આટલું દુ:ખ થાય એ જનેતા એ વેઠ્યું હશે ત્યારે કેવું દુ:ખ થયું હશે ?

ભોવશે ચેક બુક કાઢી. પંડ્યાદાદા એક કામ કરવાનું છે.

બોલ બેટા... તું પાછો ક્યારે દેખાવાનો..

દાદા વર્ષોથી મારી એક ઇચ્છા હતી. એ અચાનક આજે પુરી કરવાનો અવસર મળ્યો છે.

આ મંદિરની છત્ર છાયામાં તમારી દેખરેખ નીચે હું ભણ્યો હતો. આ બે ચેક એક એક લાખના છે. એક મંદિરનો બીજો તમારો.

અરે બેટા...

અરે દાદા હવે અગત્યનું કામ.

મારી માઁ જે પાંચ ઘરે માંગીને મારા માટે ખાતી એ પાંચ ઘર મને તમે બતાવો. મારી સાથે કારમાં બેસી જાવ. પંડ્યાદાદાએ પાંચ ઘર બતાવ્યા. એ દરેક વડીલોને પગે લાગી. એક એક લાખના ચેક દરેક વ્યક્તિને આપી તેમનો દિલથી મેં આભાર માન્યો.

રસ્તામાં પંડ્યાદાદા કહે બેટા, વાસ્તવમાં લોકો બારમું તેરમુ અસ્થિ વિસર્જન માઁ બાપના મોક્ષ માટે કરતા હોય છે. પણ તે તારી માઁને આજે ઋણ મુક્ત કરી છે. તેનો મોક્ષ નક્કી ધન્ય છે. બેટા તારા જેવા સંતાન દરેકના ઘરે થજો.

મંદિરે પંડ્યાદાદાને ઉતારી અમે પાછા ઘર તરફ રવાના થયા. અમારા ઘર પાસે વાસણની દુકાન પાસે સ્મિતાએ કાર ઉભી રખાવી, તે અંદર ગઇ થોડા સમય પછી એ બહાર આવી ત્યારે તેના હાથમાં મારી માઁના જુના થાળી વાટકી અને ચમચી હતા. સ્મિતાએ મારા હાથમાં મુકતા બોલી, આ દુકાને મેં કાલે વેચ્યા હતા આજે ફરી ખરીદી લીધા. જો આ થાળીનો સેટ વેચાઇ ગયો હોત તો હું મારી જાતને આખી જીંદગી માફ ન કરત. ભાવેશ મને માફ કર. આ થાળીની તાકાત સમજવા માટે હું નબળી અને નાની પડી.

સ્મિતા, હું માફ કરનાર કોણ? મેં તો ફક્ત લાગણીના સંબધો કેટલા ઊંડા હોય થે તે તને સમજાવવા પ્રયત્ન કર્યો. ચલ કારમાં બેસ. બેસું પણ એક શરતે, મારા પાપોનું પ્રાયશ્ચિત રુપે હવેથી હું આ થાળીમાં રોજ જમીશ, મંજુર? સ્મિતા બોલી.

ભાવેશ બોલ્યો, સ્મિતા તને તારી ભૂલ સમજાઇ એ મારા માટે ઘણું છે, તું જમે કે હું જમું એ અગત્યનું નથી. આવી આદર્શ કોઇ પણ વ્યક્તિ હોય તેને જીવતા અને તેમના ગયા પછી પણ આદર આપવો એ આપણી ફરજ બને છે.

બાકી સ્મિતા પ્રેમનું બંધન એટલું પાક્કું હોવું જોઇએ, કે કોઇ તોડવા આવે તો એ પોતે જ તૂટી જાય...

- (વોટ્સએપ પરથી)



# Aagam Ashish Shah

**Personal Details**

Caste : Sorath Visashrimali Deravasi Jain
Profession : Practicing as advocate at MGB Advisors, Mumbai
Education : B.Com., LL.M, Advocate (Bar Council of Msharashtra & Goa)
Hobbies : Music, Trekking and Outdoor Activities

**Paternal Family Details & Background**

Paternal Native Place : Dhoraji, Junagadh
Grand Father's Name : Shri Jayantibhai Maganlal Shah
Grand Mother's Name : Smt. Kashmiraben J. Shah
Father Name : Ashish J. Shah (Broker - Real Estate, Looms & Machinery)
Mother Name : Bhavika A. Shah (Housewife)
Uncle : Amit J. Shah & Devang J. Shah

**Overview**

DOB : 20th December 1996
Birthplace : Borivali, Mumbai
Birth Time : 5:22 A.M.
Height : 5 ft. 7 inch

**Maternal Family Details**

Maternal Native Place : Chhodavdi, Junagadh
Nana : Shri Manilalbhai Nathalal Sheth
Nani : Late Smt. Manjulaben M. Sheth
Mama : Paresh M. Sheth, Chetan M. Sheth Rohit M. Sheth

**Contact Details :**

**Parents Contact** : +91 8805507170
+91 9822052065
Address : 903/A, Orchid, Silver Park Residency, Kamatghar, Bhiwandi - 421302

# સમાજના બે સ્તંભ : દીકરી અને પુત્રવધુ

❖ ડૉ. અશોક પટેલ ❖(વાસણા - અમદાવાદ)

દીકરો એ બાપનું રૂપ છે તો દીકરી એ બાપનું સ્વરૂપ છે. દીકરી એટલે બાપની હૂંફની ગૂફા કે જેમાં બેસીને બાપ રાહતનો દમ ખેંચી શકે છે. બાપ માટે દીકરી અન્ન્યા છે. દીકરી વ્હાલનો દરિયો છે. દીકરો મોટો થઈને બાપને આર્થિક ઉપાર્જન કરીને ઘર ચલાવવામાં, સામાજિક વ્યવહારોમાં, પાછલી અવસ્થામાં ટેકો કે આધાર બનવામાં મદદરૂપ થાય છે. આમ છતાં બધા જ પરિવારોમાં દીકરાઓ માબાપ સાથે સતત જોડાયેલા રહેતા હોત તો સમાજમાં વૃદ્ધાશ્રમ ઉભરતા ન હોત. બીજી બાજુ દીકરી પણ બાપને મદદરૂપ થાય છે. જેમાં દીકરીનો કોઈ સ્વાર્થ હોતો નથી. દીકરી સાસરે ગયા પહેલાં કે પછી પણ બાપનો સતત વિચાર કરતી હોય છે. દીકરીને પરણાવી દીધી એટલે દીકરી પારકા ઘરની સભ્ય બની જાય છે. પારકા ઘરની સભ્ય બનવા છતાં દીકરી પોતાના બાપને ક્યારેય ભૂલી નથી. દીકરી બાપ સાથે માંગણીના નાતે નહીં, પણ લાગણીના નાતે જોડાયેલી હોય છે. કયારેક દીકરા વગરના બાપને કે બાપથી જુદા રહેતા દીકરાની ગેરહાજરીમાં જરૂર પડે દીકરી બાપને કાંધ પણ આપે છે. આપણા સમાજમાં સ્મશાનમાં સ્ત્રીઓ જતી નથી, પણ બાપઘેલી કેટલીક દીકરીઓએ સ્મશાનમાં જઈને પોતાના બાપને અગ્નિદાહ આપ્યો હોવાના ઘણા દાખલાઓ છે. દીકરીના બાપ બનવું એ નાનીસૂની ઘટના નથી. જેણે અગણિત પુણ્ય કાર્ય હોય એને ત્યાં જ દીકરી જન્મ લેતી હોય છે.



મા તે મા છે, એમ દીકરી એટલે દીકરી પણ છે, દીકરીને સવાઈ મા કહી શકાય. દીકરી પોતાના બાપની સેવા-સૂશ્રૂષા એવી રીતે કરે છે કે જાણે તે સવાઈ મા ન હોય! સ્ત્રીનાં તમામ સ્વરૂપો દીકરીમાં સવાઈ જતાં જોઈ શકાય છે. કહેવત છે કે, "**મા વિના સૂનો સંસાર**" તો કહી શકાય કે, "**દીકરી વિના અધૂરો સંસાર**", સંસારમાં રહીને સાચા પ્રેમને પામવો અને ચાખવો હોય તો દીકરીના બાપ બનવું પડે. દીકરીના બાપ નસીબદાર વ્યક્તિ જ બની શકે. જે બાપને પોતાની દીકરી નથી તે બાપે આ સંસારમાં રહીને કશુક મોટું ગુમાવ્યું છે. આ વાતની પ્રતીતિ દીકરી વિહોણા કમનસીબ બાપને નહીં થાય. આ પ્રતીતિ કરવા સદનસીબ હોવું જોઈએ અને સદનસીબ બનવા દીકરીના બાપ બનવું પડે. જે સ્ત્રીને પાંચેય આંગળીએ પ્રભુને પૂજ્યાં હોય તેને ત્યાંજ દીકરી જન્મે છે ને તેનું આંગણું સુવાસથી સતત મહેકતું રહે છે. બુલબુલ કે કોયલના ટહૂકા તેને ત્યાં જ ગૂંજ્યાં કરતા હોય છે. જેને દીકરી પતંગિયાની માફક ઉડાઉડ કરતી હોય છે.

દીકરીને ઘડવામાં માનો ફાળો અનન્ય છે. તો બાપને ઘડવામાં દીકરીનો ફાળો અનન્ય છે. જેમ મા વિનાની દીકરી અધૂરી છે તેમ દીકરી વિનાનો બાપ અધૂરો છે. આ દુનિયાની એવી એક પણ દીકરી નહીં હોય જેણે પોતાના બાપને સાચવ્યો ન હોય અને પોતાના બાપની ચિંતા ન કરી હોય! ઉંમરમાં નાની લાગતી દીકરી સમજણમાં મોટી હોય છે. પોતાની મનગમતી વાનગી ખાવા બેસતી દીકરી પહેલાં માને પૂછે છે કે પપ્પા માટે રાખી છે ને ? રાત્રે પોતે પથારીમાં સૂઈ જઈને બાપને પલંગ કે ખાટલામાં સૂવાડતી આ દીકરીનો ઓરતો ક્યાં બાપને ન આવે ? દીકરી પોતાના ખર્ચમાં કાપ મૂકીને બાપની આવકમાં ઘર ચલાવવામાં માને મદદ કરતી હોય છે. જેથી પોતાનો બાપ હળવાશથી સૂઈ જાય. બાપ દીકરીને વાપરવાનું કહે છે પણ દીકરી તો બચાવવામાં જ માનતી હોય છે. પોતાના બાપને વધુ ખર્ચ ન થાય તેની કાળજી દીકરી રાખતી હોય છે. **પોતાના ખર્ચમાં કાપ મૂકતી દીકરી** બાપ માટે વાપરવામાં પાછી પાની કરતી નથી. બાપના દરેક સવાલનો દીકરી પાસે એક જ જવાબ હોય છે. 'ચાલશે, ભાવશે અને ફાવશે.' ક્યારેય કોઈ માગણી નહી, માત્ર લાગણી જ. સતત લાગણીથી નીતરતી દીકરી સાથે એક જ થાળીમાં

ખાવાનું ક્યા બાપને ન ગમે ? સાસરીમાંથી પિયર આવેલી દીકરી સાથે એક જ થાળીમાં ખાવાનો મોકો બાપ માટે સંભારણું બની જાય છે. ક્યારેક તો પપ્પાની જીભ ફરતી હોય છે ત્યારે દીકરીના પગ ફરતા હોય છે. છતાં દીકરીને થાક નથી લાગતો ! ઘરમાં પપ્પાની કઈ વસ્તુ ક્યાં છે તે સૌથા વધારે દીકરી જ જાણતી હોય છે. પોતાની કોઈ વસ્તુ શોધવા છતાં ન મળે ત્યારે પપ્પા સૌથી પહેલાં દીકરીને જ પૂછતા હોય છે. પપ્પાની બીમારી વખતે દરેક દીકરી મા બની જાય છે. બીમારીમાં સપડાયેલા બાપની ચાકરી માટે જ દીકરીનું સર્જન થયું હશે તેમ કહેવામાં પણ અતિશયેક્તિ નથી. હોસ્પિટલમાં દાખલ થયેલ બાપ પાસે પહોંચવામાં દીકરો મોડો પડી શકે પણ દીકરી ક્યારેય મોડી પડી નથી.

એક મા જેમ દીકરાને ખખડાવે છે એમ દીકરી પણ પોતાના બાપની મા બનીને ખખડાવતી હોય છે. મમ્મી કે ભાઈ પર ગુસ્સે થયેલ બાપની જીભ જયારે વેગવંતી ટ્રેનની ઝડપે ચાલતી હોય છે ત્યારે દીકરીના એક શબ્દ પપ્પા.... બોલતાની સાથે જ પપ્પાની જીભને બ્રેક વાગી જાય છે. ઘરમાં મા કે દીકરાઓ સામે દાદાગીરી કરતો બાપ દીકરી સામે બિલાડી બની જાય છે. ઓફિસમાં સેવકોને કે કર્મચારીઓને ખખડાવતો બાપ દીકરી સામે ખખડાવવામાં સહેજ પણ સંકોચ અનુભવતો નથી. કદક એ સત્ય જ હશે કે આ દુનિયાનો એક પણ બાપ એવો નહીં હોય કે જે તેની દીકરીથી ખખડયો ન હોય. આવી ખખડવાની મજા માણવાનું નસીબ માત્ર દીકરીના બાપ પાસે જ હોય છે.

સુખી બાપની વ્યાખ્યા શી આપી શકાય ? જેની દીકરી સુખી તેનો બાપ સુખી. તે જ રીતે દુઃખી બાપની વ્યાખ્યા આપવી હોય તો કહી શકાય કે, જેની દીકરી દુઃખી તેનો બાપ દુઃખી. આર્થિક રીતે ખૂબ જ ગરીબ બાપ પણ દીકરીને સુખી જોઈને મનોમન માલદાર બની જાય છે. તો આર્થિક રીતે કરોડપતિ બાપ દીકરીને દુઃખી જોઈને દુનિયાનો સૌથી ગરીબમાં ગરીબ વ્યક્તિ હોય તેવું અનુભવે છે. દીકરી એ તો બાપનો શ્વાસ અને વિશ્વાસ છે.

દીકરી પોતાના બાપને ઘેર એટલે કે પિયરમાં હોય ત્યારે તેને પારકી થાપણ કહે છે. કારણકે, પરણીને તેણે બીજાના ઘેર જ જવાનું છે. દીકરી પરણીને સાસરે જાય ત્યારે ક્યારેક તેના માટે 'પારકી જણી' શબ્દ વપરાય છે. આમ દીકરી પિયરમાં હોય કે સાસરીમાં હોય, સૌ તેને પારકી જ ગણે છે. કોઈ તેને પોતાની નથી કહેતું, કેવો સ્વાર્થી છે સમાજ ? હકીકતમાં દીકરી એ તો દીવો છે. એ જ્યાં હોય ત્યાં ઉજાશ કરે છે. પિયરમાં હોય ત્યારે બાપના ઘેર અને સાસરીમાં હોય ત્યારે ત્યાં પણ ઉજાશ પાથરે છે, માટે જ સૌએ તેને પારકી ન ગણતા પોતાની જ ગણવી જોઈએ.

દીકરીને સાસરે વળાવવાનો પ્રસંગ કરૂણમંગલ પ્રસંગ છે. આંસુ સાથે આનંદનો પ્રસંગ છે. આ પ્રસંગે દરેક બાપની આંખમાંથી ગંગા જમના વહે છે. પથ્થરદીલ બાપ પણ આ કરૂણમંગલ પ્રસંગે મીણની માફક પીગળી જતો હોય છે. આવો પ્રસંગ રામાયણ કે ગીતા કરતા સહેજ પણ ઓછો પવિત્ર નથી. આવા પ્રસંગે આંસુરૂપે પડતું દરેક ટીપું ગંગાના પવિત્ર જળ જેટલું જ પવિત્ર ગણાય. આવુ દરેક આંસુ અમૃત જળ કહેવાય. જેને વહેવડાવવાનો મોકો ભાગ્યાશાળી વ્યક્તિને જ મળે; અને આ ભાગ્યાશાળી વ્યક્તિ એટલે દીકરીનો બાપ. દીકરી એ તો બાપનું આરોગ્ય છે. દીકરી એટલે કાળજાનો કટકો છે. આવા શુકનવંતા દરેક બાપને સો સો સલામ કરવાની ઈચ્છા થાય તે સ્વાભાવિક છે.

વર્તમાન સમયમાં બાપના ઘેર દીકરીઓ પહેલાં કરતાં વધારે સ્વતંત્ર બની છે. બાપના ઘેર તેને પોતાની મરજી મુજબ, પોતાની રીતે જીવવાનો હક્ક છે. તે ધાર્યું કરે છે અને કરાવે છે. માબાપ પણ દીકરીને મહત્વ આપવા લાગ્યા છે. પણ આ દીકરી જ્યારે વધૂના સ્વરૂપમાં સાસરે જાય છે, ત્યારે એક જ સેકન્ડમાં તેનું અસ્તિત્વ બદલાઈ જાય છે. બાપના ઘેર ચકલીની માફક ઉડાઉડ કરતી દીકરી સાસરીમાં જાણે કે પાંજરે પૂરાઈ જાય છે. બાપને ઘેર બુલબુલની જેમ ગૂંજન કર્યા કરતી દીકરી સાસરીમાં મૌનની ભાષા શીખી જાય છે. બાપના ઘેર હુકમનો એક્કો બનીને રાજ કરતી આજની દીકરીઓ સાસરીમાં જાય છે ત્યારે મૌનની ભાષા શીખી જાય છે. તેટલું જ નહીં સાસરિયાં પણ ક્યારેક કહેતા હોય છે કે, એમાં વહુને શું પૂછવાનું ? આમ ભૂતકાળની સરખામણીએ આજના સમયમાં બાપના ઘેર દીકરીના સ્થાનમાં જેટલું પરિવર્તન બાપને ઘેર આવ્યું છે તેટલું પરિવર્તન સાસરીમાં પુત્રવધુનાં સ્થાનમાં આવ્યું નથી. હકિકતમાં પીયરમાં બાપના ઘરે દીકરીનું જે સ્થાન છે, જેટલો મોભો છે, જે મહત્વ છે, તે દરેક બાબત સાસરીમાં પણ પુત્રવધુ માટે લાગુ પડવી જોઇએ. સાસરીમાં ઘરમાં લેવાતા નિર્ણયોમાં પુત્રવધૂને સામેલ કરવી જોઈએ. પોતાના બાપને ઘેર તેનો જેટલો હક્ક હતો એટલો જ હક્ક સાસરીમાં તેને આપવો જોઈએ. આમ છતાં આવું મોટાભાગે સાસરીમાં પુત્રવધૂ માટે જોવાં મળતું નથી. તેની સાથે દીકરીની સરખામણીમાં ઓરમાયું વર્તન કરવામાં આવે છે. પરણીને હજુ તો સાસરીમાં બે ડગ મૂકે છે ત્યાંજ પડોશીની સ્ત્રીઓ પૂછતી

હોય છે કે વહુ શું શું લઈને આવી. હકીકતમાં એમ પૂછવું જોઈએ કે વહુ શું શું છોડીને આવી! ઘણાં પરિવારો પોતાની દીકરી માટે તેના સાસરિયા પાસે જે અપેક્ષાઓ રાખે છે. તે બાબતો પોતાના ઘરમાં પુત્રવધૂ બનીને આવેલી કોઈની દીકરીને સંતોષતા નથી. આજે પણ મોટાભાગે સાસુ-વહુ વચ્ચેના સંબંધો મા-દીકરી જોવા જોવા મળતા નથી. સાસુ-સસરા અને નણંદે પોતાના વિચારોમાં પરિવર્તન લાવવાની જરૂર છે. સમાજમાં પુત્રવધૂના સ્થાનમાં હકારત્મક પરિવર્તન લાવવું તે સુશિક્ષિત, પ્રગતિશીલ સમાજની નિશાની છે.

કોઈકની દીકરી લગ્ન કરીને વહુ બનીને જ્યારે સાસરીમાં આવે છે ત્યારે આવતાની સાથે જ તેને ઘરકામમાં જોતરી દેવામાં આવે છે. સારું જમવાનું બનાવે છે એમ કહીને ગૌરવ લેતી સાસુમાને વહુના કલા-કૌશલ્યો કે અન્ય આવડત, રસ, જ્ઞાન, વગેરે વિશેની જાણકારી મેળવવાનું જરૂરી લાગતું નથી. ઘરમાં શું ખાવું, શું લાવવું, ક્યાં જવું, નોકરી કરવી કે નહીં વગેરે સાસરિયાએ જ વિચારવાનું, દીકરીમાંથી વહુ બનતા જ જાણે એક વ્યક્તિત્વનો નાશ થઈ જાય છે અને જે નવું વ્યક્તિત્વ ઊભું થાય છે તે બાપડું અને બિચારું બની જાય છે. પોતાની જાતને ભણેલા કે સુશિક્ષિત ગણતા આ લોકો સાવ નઠોર બની જાય છે. પોતાની દીકરીને ત્યાગમૂર્તિ અને નસીબદાર ગણતા લોકો વહુ બનીને આવેલી અન્યની દીકરી માટે એવું નથી વિચારતા. આવા લોકોને પ્રશ્ન પૂછવાનું મન થાય કે, પોતાની દીકરીને જેટલી બાબતોમાં જેટલી સ્વતંત્રતા આપો છો તેટલી સ્વતંત્રતા પોતાની પુત્રવધૂને આપો છો ? પોતાની દીકરીના વિકાસ માટે જેટલી ચિંતા કરો છો એટલી ચિંતા પોતાની પુત્રવધૂ માટે કરો છો ? પિયરમાંથી સાસરીમાં એક નવા જ વાતાવરણમાં નવા જ સભ્યો સાથે આવેલી પુત્રવધૂને સલાહ-શિખામણ કરતાં સહકાર અને હૂંફની વધુ જરૂર છે. પોતાની દીકરીને લાડ કરતાં અને ઊંચી રાખતા માબાપ પોતાની પુત્રવધૂને પ્રોત્સાહનના બે શબ્દો પણ કહેતાં નથી. હકીકતમાં પુત્રવધૂનું સ્થાન પુત્ર કરતા વધુ હોવું જોઈએ.

પોતાનાં પરિવારને ખીલવવો છે ? સુગંધથી મહેંકતો કરવો છે ? આનંદથી ભર્યો ભર્યો રાખવો છે ? તો વહુને સવાઈ દીકરી બનાવો. તમારા કુટુંબના વિકાસ માટે પુત્રવધૂને વિકાસની પૂરતી તકો આપો. જેની પુત્રવધૂ વિકસિત તેનું કુટુંબ વિકસિત. પુત્રવધૂ જેટલી ખુશ તેટલું કુટુંબ ખુશ. ભાવી પેઢીના ઘડતર અને વિકાસ માટે સમાજના મુખ્ય બે સ્તંભ દીકરી અને પુત્રવધૂ મજબૂત હોવા જોઈએ.

## Form-iv
## (See Rule-8)

1). **PLACE OF PUBLICATION: SORATH VISASHRIMALI** Tarachand Dhanji Mehta Karyalay, Devkaran Mansion Block No-7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Maharashtra

**2). Periodicity of its Publication :** Monthly

**3). Printers Name :** Shri Jayesh Saradchandra Vasa

**Nationalaity :** Indian

**Address :** Tarachand Dhanji Mehta Karyalay, Devkaran Mansion Block No-7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Maharashtra

**4). Publishers Name :** Shri Jayesh Saradchandra Vasa

**Nationalaity :** Indian

**Address :** Tarachand Dhanji Mehta Karyalay, Devkaran Mansion Block No-7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Maharashtra

**5). Editors Name :** Shri Rajendra Ottamchand Punatar

**Nationalaity :** Indian

**Address :** Tarachand Dhanji Mehta Karyalay, Devkaran Mansion Block No-7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Maharashtra

6. Names and Addresses of individuals who own the news paper and partners or share holders holding more than one percent of the total capital.

**"SHRI SORATH VISASHRIMALI JAIN SAMAJ"**

Tarachand Dhanji Mehta Karyalay, Devkaran Mansion Block No-7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Maharashtra

I, Jayesh Saradchandra Vasa hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Date: 20-03-2024

**Signature of the Publisher**

Jayesh Saradchandra Vasa

# શ્રી એસ.વી. સોશ્યલ સેન્ટર (લેડીઝ વીંગ) અંધેરી-બાંદ્રા

પ્રમુખશ્રી રીટાબેન મહેતા તથા સર્વે કમીટી મેમ્બરોને ખુબ જ હોંશ હતી કે તેઓ મહિલા મંડળમાં સર્વ પ્રથમવાર પીકનીકનું આયોજન કરી રહ્યા છે. મંડળના સર્વે સભ્યોએ આ કાર્યક્રમ





માટે અગાઉના જ કાર્યક્રમમાં મંજૂરી આપી દીધી હતી અને દરેકે આ પીકનીકમાં સહભાગી થવાની લાગણી વ્યક્ત કરી હતી.

અંધેરી-બાંદ્રા મહિલા મંડળનો આ વર્ષેનો ત્રીજો કાર્યક્રમ તા.૦૬-૦૨-૨૦૨૨૪ના રોજ દાની રિર્સોટમાં પીકનીક આયોજીત કરવામાં આવ્યા હતો. સવારે ૬.૪૫ વાગે ઇર્લા



દેરાસરમાં દર્શન-પૂજા કરીને બધા જ બસમાં ગોઠવાઇ ગયા અને બસ ઉપડી. સૌથી પહેલા નવકાર મંત્ર અને સ્તવન દ્વારા બધાએ મંગલ કર્યું. રસ્તામાં બધાને જ ડ્રાય સ્નેક્સ પાણી વિ.નું વિતરણ કરવામાં આવ્યું અને વાતો કરતા અંતાક્ષરી રમતા લગભગ ૯.૧૫ વાગ્યે સૌ દાની રીર્સોટમાં પહોંચ્યા ત્યાં ગરમાગરમ સ્વાદિષ્ટ



નાસ્તો, ચા, કોફી તૈયાર જ હતા. સૌએ ચા નાસ્તાને ન્યાય આપી રીર્સોટમાં ફર્યા. ફોટોગ્રાફી કરી અને રિર્સોટ જોઇ એક જગ્યાએ ખાટલી-ખુરશીઓ પર ગોઠવાયા.

ત્યારબાદ જેમને વોટર રાઇડ્સમાં એન્જોય કરવું હતું તેઓ પાણીમાં ગયા અને બાકીનાઓએ ગપ્પા માર્યા અને ગેમ્સ અને હાઉઝી રમ્યા. પાણીમાં મજા માણી મેમ્બરો પાછા ફર્યા અને બરાબર ૧.૦૦ વાગ્યે સ્વાદિષ્ટ લંચ લેવા ગયા. પછી થોડીવાર આરામ કરીને હીનાબેન મહેતા, સુજાતાબેન શેઠ, નિશાબેન ધોળકીયા તેમજ મીનાબેન મહેતાએ વિવિધ ગેમ્સ રમાડીને બધાને મજા કરાવી. ફરી બધા સાથે હાઉઝી રમ્યા ત્યાં તો હાઇ ટી નો ટાઇમ થઇ ગયો અને ફરી બધા સાથે હાઈ ટી ની મઝા માણી ને ફરી બસમાં ગોઠવાયા. બસમાં ફરી વિવિધ અંતાક્ષરી રમતા-રમતા મુંબઈ કયારે આવી પહોંચ્યા તે પણ ખબર ન પડી.

આ કાર્યક્રમ દરમિયાન આગામી વધુ એક પ્રોગ્રામ લગભગ "વુમનસ્ ડે" (Women's Day) ની આસપાસ કરવાનું નક્કી કર્યું.

આ પ્રોગ્રામની સફળતાનો યશ કારોબારી સમિતિના સભ્યોની સખત મહેનત અને પરિશ્રમને આભારી છે. દાની રિર્સોટની પીકનીક એક યાદગાર પ્રસંગ તરીકે સભ્યોના દિલમાં રહેશે.



ડૉક્ટરની ડાયરી

# લાગ રહી યે હી રટના, પિયા કબ ઘર આવે !

- ડૉ.શરદ ઠાકર

૧૯૮૦ની ઘટના તત્કાલીન વડા પ્રધાન શ્રીમતી ઈંદિરા ગાંધીના પુત્ર સંજય ગાંધી નું વિમાન હોનારાતમાં મૃત્યુ થયું. તે સમયે ટી.વી. હજુ દેશવ્યાપી થવાને પાંચેક વર્ષની વાર હતી. રેડિયો પર મૃતાત્મા ને અંજલિ આપતા કાર્યક્રર્મો, સમાચારો અને વધેલા સમયમાં કરુણ શરણાઈવાદન તેમ જ દેશના દિગ્ગજ શાસ્ત્રીય ગાયકોના કંઠેથી ભજનો પ્રાસારિત થતા હતા.

પ્રણવ નામનો છોકરો. બાર વર્ષની ઉંમર. એના કાનમાં એક 'ચી જ' પડી ગઈ. ભારતાના એક સુપ્રસિદ્ધ ગાયક એમના કેળવાયેલા કંઠમાં થી રાગ ભૈરવીની આ બંદિશ પ્રસ્તુત કરી રહ્યા હતા. 'મેરો અલ્લાહ મહેરબાન...' "કોઈ બિગાડ સકત નહીં તેરો...મત લિજે તૂ ઠાન...મેરો અલ્લાહ મહેરબાન..."

પ્રણવ એની મમ્મી ને પૂછયું, "મમ્મી, આ અવાજ કોનો છે?" મમ્મી એ રોટલી વણતાં વણતાં જવાબ આપ્યો, "એ ગાયકનું નામ પં.જસરાજી છે, બેટા. એમનું ગળુ એટલે શાસ્ત્રીય ગાયકીનું કાશી! જેને ન સમજાય એને મન આ બધું રાગડા જેવું ગણાય; પણ જેને શાસ્ત્રીય સંગીતમાં રસ અને સમજણ હોય તેને મન તો માનજન્મ મળ્યો એનું અંતિમ સાફલ્ય એટલે પંડિતજીની ગાયકી!"

પ્રણવ ના મમ્મી આવું કહી શક્યાં એનુ મુખ્ય કારણ એ કે એમને પોતાને શાસ્ત્રીય સંગીતની સૂઝ અને સમજ હતી. આ શોખ એમને પિયરમાં થી વારસામાં મળ્યો હતો. પ્રણવના નાના-નાની મામા,મમ્મી આ બધાં આખો દિવસ પોતાનું કામ કરતાં કરતાં રેડિયો સાંભળતા રહે; પણ સાંભળવામાં માત્ર કલાસિકલ મ્યુઝિક જ! પ્રણવ વેકેશનમાં એના મોસાળમાં રાજકોટ જાય તો વિસ્મય પૂર્વક જોયા જ કરે. મામાના ઘરમાં સૌથી વધુ જગ્યા શાસ્ત્રીય સંગતીની રોકોર્ડઝ અને ઓડિયો કેસેટ્સ દ્વારા પચાવી પાડવામાં આવી હોય.

પ્રણવના પપ્પા સુરેન્દ્રનગરમાં રહે. ચાર-છ મહિના પછી સુરેન્દ્રનગરમાં ટ્રાન્ઝિસ્ટર પર પ્રણવે એ જ બંદિશ ફરી વાર સાંભળી. આ વખતે એણે આવા જ ઓળખી કાઢયો. મ્મમી! મમ્મી! જો, આ અવાજ પં.જસરાજનો જ છે ને? મમ્મી હસી પડી "બેટા, પંડિતજીને જસરાજ નહીં કહેવાનું,.....પં.જસરાજજી કહેવાનું."

"પણ એ તો એમની હાજરીમાં જ ને મમ્મી?"

"ના, દીકરા! એમની ગેરહાજરી માં પણ! જાગતા હોઈએ ત્યારે પણ અને ઊંઘતા હોઈએ ત્યારે સપનામાં પણ. આ દેશમાં આદરથી લઈ શકાય તેવા નામો બહુ જૂજ બચ્યા છે હવે...." પ્રણવ મોટો થતો ગયો. એનુ સપનુ ડોક્ટર બનવાનું હતું. વાંચનના કલાકો વધતા જતા હતા. બારમાં ધોરણની બોર્ડની પરીક્ષા માં તેજસ્વી દેખાવ કરવા માટે દિવસ-રાત મહેનત કરવી પડે તેમ હતી. અભ્યાસ ની વચ્ચે વચ્ચે ક્યારેક ટ્રાન્ઝિસ્ટરમાં થી તો ક્યારેક કેસેટમાં થી આવા ગીતો કાનમાં પડી જતા હતાઃ એરી મૈં તો પ્રેમદિવાની, મેરા દરદ ના જાને કોઈ... પ્રણવ મમ્મી ની દિશામાં પ્રચ્છક નજર ફંકી લેતો હતો. તરત ત્યાંથી જવાબ આવી જતોઃ રાગ ભીમપલાસી છે. ક્યારેક રફી સાહેબનું ગાયેલું ભજન સંભળાઈ જતુંઃ "મન તડપત હરિ દરસનકો આજ..." પ્રણવની ફંકાયેલી નજર અને મમ્મી નામનાં માહિતિખાતામાં થી મળેલો ઉત્તરઃ "રાગ દરબારી...."

ધીમે ધીમે પ્રણવના કાન ટેવાતા ગયા. ફિઝિક્સ અને કેમેસ્ટ્રીના નિયમો, સિદ્ધાંતો અને પ્રયોગની સાથે સાથે ભારતીય શાસ્ત્રીય સંગીતના રાગ-રાગિણી પણ દિમાગમાં પોતાની જગ્યા બનાવતા રહ્યા. બોર્ડની પરીક્ષામાં પ્રણવ મેદાન મારી ગયો. મેડિકલમાં પ્રવેશ પાકો થઈ ગયો. એ બે મહિનાના લાંબા વેકેશનમાં મોસાળ રહી ને એણે એક જ કામ કર્યુ. મામાને પકડયા, મામા, શાસ્ત્રીય રાગો પર બનેલા ફિલ્મી ગીતો મેં બહુ સાંભળી લીધા; હવે માકે શુધ્ધ કલાસિકલ ચીજ સાંભળવી છે.

મામા એ કેસેટ ચાલુ કરી. પં.જસરાજજીનો ઘુંટાયેલો સ્વર ઓરડાને ધન્ય કરી રહ્યોઃ "રાની તેરો ચીર જીયો ગોપાલ..." પ્રણવ ભક્તની જેમ જે આંખો બંધ કરીને એના ભગવાનનો દીધેલો પ્રસાદ ઝીલી રહ્યો. છેલ્લે મામા એ મૂકેલો મમરો પણ એને આજ સુધી યાદ રહી ગયો છેઃ "રાગ યમન. આને કહેવાય ગૌમુખમાંથી પ્રગટેલું ગંગાજળ! એનાથી વધારે શુદ્ધતમ અને પવિત્રતમ આ જગતમાં બીજું કંઈ હોઈ શકે જ નહીં."

એ રજાઓમાં પ્રણવે દિવસના ત્રણ-ચાર વાર લેખે રોજ એકજ ચીજ સાંભળ્યા કરી. પંડિતજીની સાથે એના દિલનો તાર ક્યારે જોડાઈ ગયો એની પણ ખબર ન પડી. વેકેશન પુરું થયું. પ્રણવને જામનગરની એમ.પી. શાહ મેડિકલ કોજમાં એડમિશન મળ્યું. હોસ્ટેલમાં રહેવાનું હતું. મેસમાં જમવાનું હતું. ફઓર્મેલિનની વાસ મારતાં મડદાં ઓ ચીરવાના હતા. અને મોડી રાત સુધી એનેટોમી અને ફિઝિયોલોજી ના દળદાર થોથાંઓ વાંચવાના હતા.

માનવ દેહના ઊંડા રહસ્યો આત્મસાત કરવાની પળોજણમાં થી ક્યારેક થાકે ત્યારે પ્રણવ દોઢસો રુપીયાના સસ્તા ટેપરેકોર્ડરમાં કેસેટ ભરાવીને એને ગમતુ પ્રિય ભજન સાંભળવા બેસી જાય. જામનગરનો જાગતો કેમ્પસ, ભાંગતી રાત અને પં.જસરાજજીનો ઘેઘૂર આવાજઃ "શિવહોમ્...શિવહોમ્.....!" પ્રણવ ભાવોદ્રેકમાં આવી ને રડવા લાગે. રુમ પાર્ટનર ગભરાઈ જાય. પૂછે છે પ્રણવ શું થયું? તું ક્યાં ખોવાઈ ગયો? પણ પ્રણવ તો હોસ્ટેલમાં થી ઊઠી ને હિમાલયની ટોચ પર શિવજીના ચરણોમાં પહોંચી ગયો

ગયો હોય. જવાબ ક્યાંથી આપે ?

આ ભજન, આ શિવસ્તુતિ સમય જતાં પ્રણવની પ્રિય ચીજ બની ગઈ. એના મનમાં એક સંકલ્પ રચાઈ ગયોઃ "જો ભક્તિ કરવી તો આવી જ કરવી." ભગવાન શિવજી ઉપરાંત બીજા એક ભગવાન પણ પ્રણવના હ્રદયમાં પોતાનું આસન જમાવી રહ્યા હતા. એ હતા આવાજના ઈશ્વર, ગાયકી ના ગોડ, સાત સૂરોના માલિક સ્વર-સદાશિવ પં.જસરાજજી. આવી પ્રગાઢ ભક્તિમાં થી જ એક ઈચ્છા જન્મીઃ "પંડિતજીને એકાદ પત્ર લખ્યો હોય તો ???" પણ એ માટે તો સરનામું જોઈએ. અહીં પેલી શાહરુખવાળી વાત યાદ આવી જાય અગર આપ કિસી કો પૂરી શિદદત સે ચા હો તો સારી કાયનાત ઈસે આપસે મિલાનેમાં જુડ જાતી હૈ.

માની ન શકાય એવું બની ગયું વેકેશન પડયું પ્રણવ ફરી પાછો રાજકોટ મામા ના ઘરે રહેવા ગયો. મામા એકાઉન્ટન્ટ જનરલની ઓફિસમાં કામ કરે. ત્યાં પ્રણવના હાથમાં એક ધૂળ ખાતી ટેલીફોન ડિરેકટરી મળી આવી. ડિરેકટરી મુંબઈ શહેરની હતી! પ્રણવે આંખ નું મટકું માર્યા વગર પાનાં ફેરવવા માંડયા. પ.જસરાજજી ના ઘરનો ટેલિફોન નંબર જડી ગયો. અનબિલિવેબલ! એમાં સરનામું પણ હતું.

અઢાર વર્ષનો પ્રણવમાં સીધો ફોન લગાડવાની તો હિંમત ક્યાંથી હોય! એણે એક ગ્રીટીંગ્ઝ-કાર્ડ પોસ્ટ કરી દીધું એવી ખાત્રી સાથે કે સામેથી જવાબ નહીં જ આવે. અઠવાડિયામાં જ સામેથી પ્રત્યુતર આવ્યોઃ "ધન્યવાદ!" નીચે પંડિતજીની છાપેલી સહિ હતી. કોઈ શિષ્યા અથવા સેક્રેટરી એ મોકલેલો ફોર્મલ રીપ્લાય હતો. પણ પ્રણવ માટે તો આટલુંયે બહુ હતું. એના માટે બે વાતો હવે મુખ્ય બની ગઈ હતીઃ એક, વાર-તહેવારે પંડિતજીને કાર્ડઝ મોકલવા અને બીજું પોકેટ મનીમાંથી પં.જસરાજજીના ગીતો કેસેટ્સ ખરીદવી. એક દિવસ હિંમત એકઠી કરીને પ્રણવે મુંબઈ ફોન લગાડયો. એકાદ હાથફેરા પછી પંડિતજી લાઈન પર આવ્યા. પ્રણવનું નામ સાંભળીને તરત જ ઓળખી ગયા, "બોલો બેટે! કૈસે હો? તુમ્હારા કાડર્ઝ મિલતે રહતે હૈ"

પ્રણવે બોલવા માંડયું એ સતત બોલતો રહ્યો. પંડિતજી! હું તમારો ચાહક છું ભક્ત છું. પાગલ છું તમારી ગાયકી પાછળ હું તમને શી રીતે સમજાવું કે...?....."બેટા, સમજાને કી જરૂરત નહિ હે તુમ્હારા પ્રેમાદર તુમ્હારી આવાઝમેં છલકાતા હૈ." પંડિતજી ખૂબ સમભાવ પૂર્વક વાત કરી. પછી તો આ પણ એક ક્રમ બની ગયો. પ્રણવ જ્યારે મન કરે ત્યારે ફોન ઘૂમાવે. પંડિતજીના ઘરમાં પણ હવે બધાં એને ઓળખતા થઈ ગયા. પંડિતજી આરામમાં હોય તો પણ વાત કરાવી આપે. કાચી ઉંમરનો યુવાન વિદ્યાર્થી પોતાની અંગત વાતો પણ પંડિતજી આગળ બકી મા રે. પંડિતજી! આજે મારા થી વંચાયું નહીં. આજે જમવામાં પણ મજા ન આવી... મને એક છોકરી ગમી ગઈ છે... જો એની સાથે લગ્ન થાય તો જલસો પડી જાય.... વગેરે...વગેરે....!

પંડિતજી હસીને બોલેઃ અવશ્ય હોગી તેરી શાદિ! મેરે આશિર્વાદ હૈ

એક દિવસ પ્રણવે ફોન કર્યો પંડિતજી આજે હું બહુ ઉદાસ છું તમારી ગાયેલી એક ગંભીર રચના સાંભળી આજે રાગ મારવા ચરણ પ્રીત કરુણા નિધાન...! દેખ દેખ બાટ તોરી, તરસ મરે નૈના, જ્ઞાન-ધ્યાન કછુ ન ભાવે દેખન કો જીયા ચાહે; લાગ રહી યે હી રટના, પિયા કબ ઘર આયે આ સાંભળી ને હું ખૂબ રડયો. પંડિતજી...!

"સમઝ ગયા, બેટે! મૈં સબ સમઝ ગયા! મૈં તુમ્હે અબ જયા દા ઈંતેઝાર નહીં કરવા ઉંગા." કહીને પંડિતજી ફોન ન પૂરો કર્યો. થોડાંક જ દિવસો પછી પ્રણવની હોસ્ટેલના સરનામે એક પત્ર આવ્યો. પંડિતજીની શિષ્યા તૃપ્તિ મુર્ખજીનાં હસ્તાક્ષરમાં લખાયેલો પત્ર હતોઃ "પ્રિય પ્રણવજી! પંડિતજી દ્વારિકા યાત્રા પર નિકલ રહે હૈ. બિચ રાસ્તે વિશેષ રુપસે આપસે મિલનેકે લિયે હી જામનગર પધારેંગે. તારીખ ઔર સમય કૃપયા નોટ કર લિજીયે. યે"

આખા કેમ્પસમાં ખળભળાટ વિશ્વભરમાં મશહૂર શાસ્ત્રીય સંગીતના દિગ્ગજ ગાયક પં.જસરાજજી આપણી હોસ્ટેલના એક રુમમાં પગલાં પાડશે? એ પણ એક સાવ અજાણ્યા અપરિપક્વ યુવાન વિદ્યાર્થીને મળવા માટે???

પં.જસરાજજી ખરેખર પર્ધાયા પ્રણવના રઘવાટનો પાર ન હતો. હોસ્ટેલમાં તો સ્વાગતનો પ્રશ્ન જ ઊભો થતો ન હતો. સોલેરીયમની સામેની ગલીમાં બીજા એક મામા રહેતા હતા. ત્યાં મુલાકાત ગોઠવી. મિત્રની કાર લઈને એરપોર્ટ ગયો. પંડિતજી બેસાડી ને લઈ આવ્યો. ત્રણ માળનું મકાન હતું. લિફ્ટની સગવડ ન હતી. "બેટા, મુજસે સિઢિયા ચડી નહીં જાતી હૈ" પંડિતજીએ ખિન્ન સ્મિત ફરકાવીને કહ્યું. પ્રણવના તો જાણે પ્રાણ ચાલ્યા ગયા! તરત જ પંડિતજી સમજી ગયા. ખૂલ્લા રસ્તા પર ચોકીદારનો કાથી નો ખાટલો પડેલો હતો. તે ઢાળીને તેના પર બેસી ગયા. પૂરો એક કલાક ગોષ્ઠિમાં વિતાવ્યો. ખૂબ આગ્રહ કર્યો ત્યારે માત્ર કોફી પીધી. ભોજનનો આગ્રહ કર્યો તો કહ્યું, "નહીં બેટા! ઈતના બહોત હૈ યહાં સે હમ ચંદુભાઈ બારદાનવાલા કે ઘર જાયેંગે ભોજન વહીં પે કરેંગે ગે." ૧૯૯૨-૯૩ આ મુલાકાત એ સંબંધ આજે પણ ચાલુ છે. વધારે ગાઢ બન્યો છે. પ્રણવ એનેક વાર મુંબઈ પંડિતજીના ઘરે પણ જઈ આવ્યો છે.

વિશ્વના શિર્ષસ્થ કલાકાર અંગત જીવનમાં કેટલા સરળ હોઈ શકે એનું આ જીવંત દ્દષ્ટાંત છે.

**(ડો. પ્રણવ ઠાકર હાલમાં સીતાપુર ખાતે મેડીકલ ઓફિસર છે.)**

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ – મુંબઈ

## કાયમી સમૂહ લગ્નોત્સવ યોજના શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા પ્રેરિત

ચાલુ વર્ષ વિક્મ સવંતઃ ૨૦૮૦ મહા સુદ ૯ તા.૨૮/૦૨/૨૦૨૪ રવિવારના રોજ નક્કી કરવામા આવેલ હતા, તેની ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૫/૦૧/૨૦૨૪ હતી. એક યુગલ લગ્નોત્સુક હતું. આપણા સમાજના ધારાધોરણ પ્રમાણે એકથી વધુ લગ્ન હોય તો જ સમુહ લગ્નનું આયોજન કરવામાં આવે છે.

આ વર્ષે દાતા પરિવારની પ્રેરણાથી આ બન્ને ઉમેદવારને શ્રી સો.વિ. જૈન સમાજ ટ્રસ્ટ મુંબઈ શ્રી તારાચંદ ધનજીભાઈ મહેતા સમુહ લગ્ન યોજના કાયમી ફંડમાંથી રૂપિયા ૨૫૦૦૦/– તથા શ્રી તારાચંદ ધનજીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી રૂપિયા ૨૫૦૦૦/– એમ બન્ને મળીને કુલ રૂપિયા ૫૦૦૦૦/– લગ્ન નિમિત્તે સહાયક રકમ આપેલ છે. તદ ઉપરાંત શ્રીમતિ લત્તાબેન મહેન્દ્રભાઈ કોરડીયા પરીવાર અંધેરી તરફથી રૂપિયા ૧૧૦૦૦/– સમુહ લગ્ન ઇચ્છુક બંન્નેને આપવામાં આવેલ છે આ તકે શ્રી સો.વિ.જૈન સમાજ મુંબઈ દાતાશ્રી પરીવારનો ખુબ ખુબ આભાર માને છે.

**શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ – મુંબઈ**
**કાર્યવાહક કમિટી**
**તા.૧૫–૦૩–૨૦૨૪**


॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

# ગાય અને ભેંસનું શુદ્ધ ઘી



સ્વાદ લિજ્જતદાર - સુગંધ ખુશ્બુદાર
એક વાર ખાશો તો માંગશો વારંવાર

વિરમગામના પ્રખ્યાત જૈન દુગ્ધાલયનું
શુદ્ધ ઘી હવે મળશે મુંબઈમાં તમારા ઘર આંગણે

એક કિલો, પાંચ કિલો અને પંદર કિલોમાં ઉપલબ્ધ

**હોલસેલ અને રિટેલમાં ઉપલબ્ધ**

**કૃણાલઃ ૭૨ - ૨૧૦૭ - ૨૧૦૭**



# જન્મ અને મરણ

જન્મ અને મરણ આપણાં હાથમાં છે જ નહિં.

આપણું જીવન આપણે કેમ સુધારવું તે જ આપણા હાથમાં છે.

પુણ્ય પુરું થયું કે પળ નો વિલંબ થયા વિના સંબંધો પૂરા થઈ જાય છે.

તમારું ધન, કીર્તિ તમારો મોટા માણસો જોડે સંબંધો કે ત્યાં સુધી કે તમારા પોતાના જ અંગત પરિવારજનો અંગત મિત્ર કે કોઈ જ કામમાં નથી આવતું.



આવતો ભવ આપણને કયો ભવ મળશે, જિન શાસન મળશે કે શું મળશે વગેરે વગેરે તે આપણે કરેલા કર્મો (પાપ અને પુણ્ય) ના આધારે મળશે. આપણને આ બધી ખબર હોવા છતાં અને આપણે જાણતા હોવા છતાં આપણે નિખાલસતાથી આપણે કરેલા પાપ નો એકરાર કરી શકીયે છીએ ? એકરાર કરવામાં કેટલા ગલ્લા તલ્લા કરીયે છીએ. અજાણતા કરેલા પાપ અને જાણીને બુઝીને કરેલા પાપ તથા નિખાલસતાથી સ્વીકારેલા પાપ ની સજામા ંફરક હોય છે. ફાઈનલ સજા કરવાની પરમાત્મા સર્વોપરી સત્તા ધરાવે છે, એ ન ભૂલવું. જેણે ફક્ત ઓર્ડર આપવાનો છે. મને-કે-કમને માન્ય રાખવું પડશે અને સ્વીકારવું પડશે.

તમે સારું કે ખરાબ વિચારવાનું ચાલુ કરો કે તમારા એકાઉન્ટમાં તમારા માર્ક જમા કે ઉધાર થવાનું ચાલુ થઈ જાય છે. આયુષ્ય આપણા હાથમાં નથી પણ કર્મ કરવું તે આપણા હાથમાં છે.

તમારો એક સ્વાર્થ ભરેલો ખરાબ વિચાર અસંખ્ય જણાનું ખરાબ કરી નાંખે અને તેનું પાપ કેટલું ? તે બાબતમાં વિચારવું જરૂરી છે. તમે તો દુઃખી થશો પણ તમારી સાથે રહેતા તમારા પરિવારજનો થી માંડીને દરેક જણ કેટલા દુઃખી થશે તેનો ક્યારેય વિચાર કર્યો છે ? તેવી જ રીતે તમારો એક નિસ્વાર્થ વિચાર બધાનો ફાયદો કરવાના ઈરાદાથી લીધેલ નિર્ણય મા ંતમને પોતાને કેટલી શાતા મળશે, તમને પોતાને કેટલો માનસિક સંતોષ મળશે, તમારા અંગત પરિવારજનોમાં તમારું કેટલું માન વધશે, તમારા નિસ્વાર્થ ભરેલા નિર્ણયથી તમને કેટલાએ પરિવારના આશીર્વાદ મળશે ?

એક ઉદ્યોગપતિને બે દીકરા, બન્ને ટોપ કમ્પનીઓ આપી પણ એક દીકરો ટોપ ઉપર ટોપ કરતો જ જાય અને એક દેવાળિયો બનતો જાય.

આપણો અંત પણ આપણા કર્મ ના આધારે થવાનો છે. તમે તમારા બટકા રોટલાંથી કોઈ જરૂરીયાત વાળાને ને નાનકડું બટકું આપશો તો તેનાથી તમને અને સામેવાળાને ટાઢક મળશે, તેનો સંતોષ જ અલગ પ્રકારનો છે. અને તે કદાચ આખો રોટલો ખાવાથી પણ નહિ મળે. તમે સામેવાળાને શું આપો છો કેટલું આપો છો ? તે મહત્વનું નથી પણ ક્યાં ભાવથી આપો છો તે મહત્વનું છે.

તમે કોઈને આપી ને બીજાને નીચા દેખાડવાની કોશિશ કરો છો તો એકદમ નીચ કર્મ બાંધી દયો છો, કોઈને નીચા દેખાડવા કરતા બધાનું સારૂ વિચારીને સારું કર્મ કરશો તો તમારો ક્રેડિટ સ્કોર સારો થવાનો.

સારું કર્મ દાન આપવાથી જ નથી થતું, સારા કર્મો તમે સારા વ્યવહાર થકી પણ બાંધી શકો છો. શુભભાવ, શુધ્ધ વિચાર માત્રથી સારામાં સારા કર્મ બંધાય છે. ઓફિસમાં સામાન્ય પોસ્ટ ઉપર કામ કરતી વ્યક્તિ પણ સારા વ્યવહાર થકી ખુબ આગળ આવી શકે છે અને પોતેજ પોતાનો ભવ સુધારી શકે છે.

**- જયેશ શરદચંદ્ર વસા (કાંદિવલી)**

(જિન આજ્ઞા વિરુદ્ધ કઈ લખાઈ ગયું હોય તો મિચ્છામિ દુક્કડમ. ઋણ સ્વીકારઃ પરમ પૂજ્ય આચાર્ય ભગવંતોના પ્રવચનો અને અન્ય અર્થસભર વાંચન સામગ્રી)

---


**શ્રી સોરઠ વિશા શ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળની ભેટ નીચે લખેલ બેંક ખાતામાં જમા કરશોજી.**

Name : **Shri Sorath Visa Shrimali Subhechhak Mitra Mandal.**

Banker : **Bank of India**

Bullion Exchange Branch : **Mumbai**

A/c. No. : **000810100006108**

80/G : AACTS 1446 GF 20214 dt. 28-05-21

(આપની મોકલેલી રકમની દરેક વિગત, મોકલનારનું નામ, સરનામું, મોબાઈલ નંબર શ્રી વિનોદભાઈ મહેતાને મોબાઈલ નં. ૯૮૩૩૫૦૦૫૦૮ માં વોટસએપ ઉપર મોકલી આપવા વિનંતી.

# પ્રેમ ધર્મ છે અને મોહ અધર્મ...

આરતી રામાણી "એન્જલ" બેંગ્લોર

પ્રેમ, આ સંસાર જો ચાલતો હોય તો એ ફક્ત પ્રેમને જ લીધે. સંસારમાંથી આ પ્રેમ નષ્ટ થઈ જાય તો સંસાર રેગિસ્તાન બની જાય, પણ પ્રેમની ખરી વ્યાખ્યા શું છે ? શું દરેક માણસ ફક્ત પ્રેમમાં જ બંધાયેલો છે કે પછી પ્રેમની આડમાં કોઈ દુર્ગતિ સાથે બંધાતો જાય છે ? આ દુર્ગતિ એટલે કોણ ?

પ્રેમ શું છે ? આપણે જે એકબીજાને આલિંગન આપીએ, હૂંફ આપીએ, લાગણી વરસાવીએ તે ? નહીં. પ્રેમની વ્યાખ્યા ખૂબ વિશાળ છે. એ આવી નાનીનાની બાબતોમાં કદી બંધાઈ જ નાશકે, કારણ પ્રેમનો તો અર્થ જ મુક્તિ છે. આપણે જેની સાથે પ્રેમમાં હોઈએ એનાં હિત માટે, ખુશી માટે આપણે એને સદા મુક્ત રાખીએ. આપણાં બંધન પૂરતાં મર્યાદિત રહે તો એ આગળ ના વધી શકે. કૂવામાંના દેડકા બની જાય એટલે આપણે એને આપણામાંથી મુક્ત કરી, જેનાથી એ સુખી થાય એવું ઈચ્છીએ કે એ વ્યક્તિ આપણી સાથે સદા માટે રહે, આપણાં સિવાય એની જિંદગીમાં બીજું કોઈ એટલું મહત્વ ના ધરાવતું હોય, જ્યાં આવો ભાવ આપણાં મનમાં આવ્યો ત્યાં પ્રેમ સમાપ્ત થઈ ગયો અને શરૂ થયો મોહ! જ્યારે આપણો પ્રેમ મોહ તરફ ઠળવા લાગે ત્યારે આપણે સંબંધને બંધનમાં બોધવા લાગીએ કિંતુ પ્રેમ એટલે તો મુક્તિ થાય, મોહ એટલે બંધન જ્યારે મોહમાં સંબંધ વણાવા લાગે ત્યારે આપણે એને આપણાં પૂરતાં મર્યાદિત કરી દઈએ. આપણે ઈચ્છીએ કે એ વ્યક્તિ ફક્ત આપણી જ રહે. આ રીતે આપણે એને આપણાં મોહરૂપી પિંજરામાં કેદ કરવા લાગીએ, પરંતુ જ્યાં પ્રેમ હોય ત્યાં મુક્ત ગગન મળે સળિયા કદાપિ નહીં.

પ્રેમ અને મોહને ખૂબ આસાનીથી આ રીતે પારખી શકાય છે. (૧) પ્રેમ હોય ત્યાં મુક્તિ મળે અને મુક્તિ મળતાં આનંદ પ્રાપ્ત થાય. (૨) મોહ હોય ત્યાં બંધન અકળાવા લાગે અને એ અકળામણ દૂર ના થતાં આપણે એક પ્રકારના ભયનો શિકાર બની જઈએ જેથી આશાંતિ અને દુઃખ મળે.

પ્રેમ અને મોહ વચ્ચે એક ભેદ રેખા છે જેની વ્યાખ્યા અને તે બન્ને વચ્ચેનો ભેદ મહાભારત દરમ્યિાન શ્રીકૃષ્ણ અને દ્રોણાચાર્ય વચ્ચે થયેલ પુત્ર પ્રેમ સંબંધી એક સંવાદ અંતર્ગત શ્રીકૃષ્ણએ દ્રોણાચાર્યને ખૂબ સરળ ભાષામાં સમજાવ્યો હતો. "પ્રેમ મુક્તિ અને મોહ બંધન. પ્રેમનો જન્મ કરુણાથી થાય અને મોહનો અહંકારથી. પ્રેમ કહે કે ઈશ્વર એને સુખ આપે જ્યારે મોહ કહે કે હું એને સુખ આપીશ. પ્રેમ કહે કે મને એનાં પર ગર્વ થાય જ્યારે મોહ કહે કે એને મારાં પર ગર્વ થાય. પ્રેમ ધર્મ છે અને મોહ અધર્મ." એમની વાત પાછળનો મર્મ એ હતો કે દ્રોણાચાર્યએ પોતાના પુત્રોને જેને તેઓ ખૂબ પ્રેમ કરતા હતા એવું કહ્યું હતું એને સંપત્તિ, સુખ અને રાજ્ય બધુ આપ્યું બસ ધર્મનું જ્ઞાન નહીં કે ના ઉચિત નિર્ણય લેવાની શક્તિ આપી, કારણકે જો એમને ઉચિત નિર્ણય લેવાની શક્તિ આપી હોત તો આજે એમના પુત્રો ધર્મના રસ્તે હોત, અધર્મના નહીં. આ પરથી શ્રીકૃષ્ણએ એવું સમજાવવાની કોશિશ કરી છે કે ખરેખર, દ્રોણાચાર્યને પોતાના પુત્રો પ્રત્યે પ્રેમ નહીં, મોહ હતો, કારણકે પ્રેમ ધર્મના રસ્તે આપણને લઈ જાય જ્યારે મોહ અધર્મના. પ્રેમ કદી આપણને ગેર રસ્તે ના દોરી શકે જ્યારે મોહવશ વ્યક્તિ કોઈ પણ હદ પાર કરવા તત્પર બની જાય.

આપણને આપણાં શરીર પ્રત્યે પ્રેમ હોય છે એટલે જ આપણે તે તંદુરસ્ત રહે એવા તમામ પ્રયાસો કરીએ છીએ એ પછી યોગ હોય, પ્રાણાયમ હોય કે રેગ્યુલર બોડી ચેક અપ, પરંતુ શું આને પ્રેમ કહી શકાય ? સહેજે નહીં. આ એક મોહ છે જે ધીમે ધીમે ભય તરફ ઘસતો જાય છે. આપણે આ શરીર માટે જે કંઈ કરીએ છીએ એ શરીરને ગુમાવવાના ભયવશ મોહમાં આવીને કરીએ છીએ, પરંતુ જો આપણે તેને પ્રેમ કરતા હોઈએ તે આપણે તેની મુક્તિ માટે તત્પર બનીએ. દેહને, આત્માને, જીવને ભવોભવનાં બંધનમાંથી મુક્તિ આપવાના માર્ગ પર ચાલીએ ના કે એને બાંધવાનાં, કારણ ભવોભવમાં ફસાવું એ પણ એક બંધન જ છે જ્યારે તેમાંથી આઝાદ થવું એ મુક્તિ.

ઘણીવાર આપણે જોતા હોઇએ કે વડીલો મારો પરિવાર, મારો પૈસો, મારી મિલકત આવું બબડતા હોય છે અને એને પોતાની પાસે અકબંધ રાખવા એ ગમે તેવી હરકત પણ કરવા તત્પર રહે છે, કારણ એને પરિવાર, પૈસો, મિલકત આ બધું પોતાનાથી દૂર થઇ જવાનો, ખોવાનો ભય રહેલો હોય છે જે મોહનું પ્રતીક છે અને મોહ એ ફક્ત અધર્મ જ કરાવે બીજું કશું નહી. મોહમાં રચીપચીને એ ઘણા કાવાદાવા પણ આચરતા રહે છે જે કર્મ બંધાવે છે અને એ કર્મ મુક્તિ મેળવતા રોકે છે, પરંતુ જે વડીલો પરિવારને પ્રેમ કરતા હોય એ પરિવારને ખુલ્લો મૂકી દે. પરિવારના સભ્યોને જેમ જીવવું હોય એમ જીવવા દે. ના કશે આવવા જવાનું બંધન રાખે કે ના પોતાના કહ્યામાં રાખે વળી પૈસા કે મિલકત થકી શું કોઇ પોતાનો શ્વાસ ખરીદી શકે ખરા ? એટલે જ આપણે કહી શકી કે વ્યક્તિ પ્રેમની આડમાં મોહ નામની દુર્ગતિ આગળ વધી રહી છે.

આ દુનિયામાં બંધન કોઇને પસંદ નથી એ પછી મમતાનું હો, વાત્સલ્યનું હોય, દોસ્તીનું હોય, જવાબદારીનું હોય, પ્રેમનુ હોય કે પછી કોઇપણ, દરેકને પોતાની રીતે સ્વતંત્ર રહેવું ગમે છે, મુક્ત રહેવું ગમે છે ને એમાં ખોટું પણ કંઇ નથી. બંધનમાં રહી; મોહવશ, ભયવશ અધર્મ આચરી, કર્મ બાંધી, ભવોભવના બંધનમાં ફસાઇને દુઃખી થવા કરતાં સ્વતંત્ર રહી, મુક્ત રહી પ્રેમમાં રચ્યા પચ્યા રહી ધર્મના માર્ગે આગળ વધી કર્મ બાંધતા અટકાવી અને મુક્તિ તરફ પ્રયાણ કરી આનંદ મેળવવો એ જ યોગ્ય છે છતાં નિર્ણય તો આખરે આપણો, કયો રસ્તો પસંદ કરવો ! પ્રેમથી ધર્મનો અને ધર્મથી મુક્તિનો કે મોહથી અધર્મનો અને અધર્મથી બંધનનો.

**પ્રેમ છે પથ ધર્મનો જયારે મોહ ચડાવે સીડી અધર્મની**

**એક કરાવી દે ભવપાર તો બીજું કોતરે કેડી કર્મની.**

**શ્રીકૃષ્ણના બતાવ્યા રસ્તે ચાલીશું તો નિશ્ચિત મળવી મુક્તિ,**

**ગળે બાંધી લેવી પાકી ગાંઠ, આ ચાવી છે એક ઊંડા મર્મની.**

# સંસ્થા સમાચાર

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન સમાજ - મુંબઈ

**સમાજને ભેટ**

૧૧૦૦૦/- છોડવડી નિવાસી હાલ મુલુંડ શેઠશ્રી મણિલાલ નાથાલાલ શેઠ પરિવાર તરફથી તેમના પૌત્ર યશ પરેશભાઈ શેઠ લગ્ન પ્રસંગ નિમિત્તે તા.૧૫-૧૨-૨૦૨૩

૭૦૦૦/- સ્વ.લીલાવંતીબેન ભોગીલાલ મહેતા હસ્તે મહેતા પરિવાર તરફથી સ્વ.લીલાવંતીબેન ભોગીલાલ મહેતાના આત્મશ્રેયાર્થે

૫૦૦૦/- શ્રીમતી કિર્તિબેન મયુરભાઈ મહેતા પરિવાર તરફથી શ્રી મયુરભાઈના આત્મશ્રેયાર્થે

૧૫૦૦/- સ્વ.નયનાબેન મગનલાલ પુનાતરના આત્મશ્રેયાર્થે શ્રી મગનલાલ રૂપચંદ પુનાતર તરફથી ભેટ

૧૦૦૦/- શ્રી ફેનીલભાઈ ભીમાણી -માટુંગા તરફથી ભેટ

૧૦૦૧/- શ્રીમતી દર્શનાબેન જયેશભાઈ વસા તરફથી તેમના પાંત્રીસુ નિમિત્તે

૫૦૦/- શ્રીમતી ઉષાબેન ભૂપતરાય શાહ તરફથી તેમના પાંત્રીસું નિમિત્તે

૫૦૦/- શ્રીમતી દક્ષાબેન સુભાષભાઈ વસા તરફથી તેમના ઉપધાન તપની માળ નિમિત્તે

૫૦૧/- શ્રીમતી હેમાલીબેન મનીષભાઈ મહેતા તથા વિરલ મનીષભાઈ મહેતાના ઉપધાનતપ નિમિત્તે

**મુખપત્રને ભેટ**

૧૧૦૦૦/- છોડવડી નિવાસી હાલ મુલુંડ શેઠશ્રી મણિલાલ નાથાલાલ શેઠ પરિવાર તરફથી તેમના પૌત્ર યશ પરેશભાઈ શેઠ લગ્ન પ્રસંગે નિમિત્તે તા.૧૫-૧૨-૨૦૨૩

૫૦૦૦/- સ્વ.લીલાવંતીબેન ભોગીલાલ મહેતા હસ્તે મહેતા પરિવાર તરફથી સ્વ.લીલાવંતીબેન ભોગીલાલ મેહતાના આત્મશ્રેયાર્થે

૫૦૦૦/- શ્રીમતી કિર્તિબેન મયુરભાઈ મહેતા પરિવાર તરફથી શ્રી મયુરભાઈના આત્મશ્રેયાર્થે

૧૫૦૦/- સ્વ.નયનાબેન મગનલાલ પુનાતરના આત્મશ્રેયાર્થે શ્રી મગનલાલ રૂપચંદ પુનાતર તરફથી ભેટ

૧૦૦૦/- શ્રી ફેનીલભાઈ ભીમાણી -માટુંગા તરફથી ભેટ

૧૦૦૧/- શ્રીમતી દર્શનાબેન જયેશભાઈ વસા તરફથી તેમના પાંત્રીસુ નિમિત્તે

૫૦૦/- શ્રીમતા દક્ષાબેન સુભાષભાઈ વસા તરફથી તેમના ઉપધાન તપની માળ નિમિત્તે

**શ્રી ડૉ.શાંતિલાલ રતિલાલ કોરડીયા પ્રેરીત કાયમી મેડિકલ યોજના**

૫૦૦૦/- શ્રીમતી કિર્તિબેન મયુરભાઈ મહેતા પરિવાર તરફથી મયુરભાઈના આત્મશ્રેયાર્થે

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી શુભેચ્છક મિત્ર મંડળ

**અનાજ વિતરણ ચાલુ ખાતે**

૫૦૦૦૦/- શ્રી ધીરજલાલ ન્યાલચંદ પારેખ તરફથી ભેટ

૫૦૦૦૦/- સૌ. ઉષાબેન ધીરજલાલ પારેખ તરફથી ભેટ

૫૦૦/- શ્રી અરવિંદભાઈ વાડીલાલ દોશી તરફથી નુતન ઘરમાં પ્રવેશ પ્રસંગે ભેટ

૨૫૧/- શ્રી ગીરીશભાઈ રતિલાલ શાહ તરફથી સ્વ. રમિલાબેન ના આત્મશ્રેયાર્થે ભેટ

**આર્થિક સહાય ખાતે**

૩૩૦૬૦/- સૌ. બિનીતા તુષારભાઈ શાહ તરફથી ભેટ

૫૦૧/- શ્રી મનીષભાઈ સતીષચંદ્ર મહેતા તરફથી સૌ. હેમાલીબેન તથા વિરલભાઈના ઉપધાન તપનિમિત્તે ભેટ

૫૦૦/- સૌ. દર્શનાબેન જયેશભાઈ વસા તરફથી દર્શનાબેનનાં પાંત્રીશું નિમિત્તે ભેટ

**શ્રી તારાચંદ ધનજી મહેતા તબીબી સહાય ખાતે**

૧૭૫૦૦૦/- વૃજલાલ દામોદરદાસ મહેતા તથા શ્રીમતી મુક્તાબેન તરફથી ભેટ

૫૦૦૦/- છોડવડી નિવાસી હાલ મુલુંડ શેઠશ્રી મણિલાલ નાથાલાલ શેઠ પરિવાર તરફથી તેમના પૌત્ર યશ પરેશભાઈ શેઠ લગ્ન પ્રસંગ નિમિત્તે તા.૧૫-૧૨-૨૦૨૩

૨૫૦૦/- શ્રીમતી કિર્તિબેન મયુરભાઈ મહેતા પરિવાર તરફથી મયુરભાઈના આત્મશ્રેયાર્થે

૧૦૦૦/- શ્રી ફેનીલભાઈ ભિમાણી, માટુંગા તરફથી ભેટ

**શ્રીમતી કંચનબેન અમીચંદભાઈ જીવનભાઈ વોરા**

**ક્રિટિકલ તબીબી રાહત (કેન્સર, કીડની ડાયાલીસીસ ફંડ યોજના)**

૫૦૦૦/- છોડવડી નિવાસી હાલ મુલુંડ શેઠશ્રી મણિલાલ નાથાલાલ શેઠ પરિવાર તરફથી તેમના પૌત્ર યશ પરેશભાઈ શેઠ લગ્ન પ્રસંગ નિમિત્તે તા.૧૫-૧૨-૨૦૨૩

૨૫૦૦/- શ્રીમતી કિર્તિબેન મયુરભાઈ મહેતા પરિવાર તરફથી મયુરભાઈના આત્મશ્રેયાર્થે

# અવસાન નોંધ :

**૧) શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મરણ**

■ જૂનાગઢ નિવાસી સ્વ.શ્રી ઇશ્વરલાલ હરખચંદ શેઠ અને મંગળાબેન શેઠના પુત્ર શ્રી વસંતભાઈ (ઉ.વ.૭૩) તે સાધનાબેનના પતિ હોલ કેનેડા મુકામે તા.૧૭-૦૨-૨૦૨૩ના નવકારમંત્રનું સ્મરણ કરતા અરિહંત શરણ પામેલ છે. તે સ્વ.શ્રી નવીનભાઈ, સ્વ.ધીરેનભાઈ, શ્રી યતિનભાઈ, સ્વ શ્રી પિયુષભાઈ, શ્રી શૈલેષભાઈ તથા ભાનુબેન જી. શાહ અને હંસાબેન જે. વોરા ના ભાઈ.

■ મોટી પાનેલી નિવાસી હાલ ચેમ્બુર, પ્રફુલચંદ્ર પોપટલાલ વોરા (ઉ.વ.૯૬) તા. ૧૬-૦૨-૨૦૨૪ના રોજ અરિહંત શરણ પામેલ છે. તે ઇન્દુબેનના પતિ, જયેશ, સોનલ, ગીતાના પિતા, કામિની, નિપુણભાઈ દેઢીયા, કેતનભાઈ ઇચ્છાપોરીયા ના સસરા, સ્વ જયંતીલાલ, સ્વ.તારાબેન મહેતા, શાંતિલાલ, સ્વ. પ્રવિણચંદ્રના ભાઈ, કિંજલ, રાજ, રાજવીના દાદા, સ્વ. અંદરજી ઘેલાભાઈ પટેલના જમાઈ.

■ જેતપુર નિવાસી હાલ ગોરેગામ સ્વ.મનહરલાલ રતિલાલ દોશીના પત્ની ગ.સ્વ.નિરંજનાબેન (ઉ.વ.૭૪) તે ભાવિન તથા બીરેનના માતુશ્રી જીગ્ના તથા સોનલના સાસુ, સ્વ.રંજનબેન, ભાનુબેન, સુશીલાબેન, મીનાબેન, કવીબેન, મુકેશભાઈ, ઇન્દિરાબેનના ભાભી, પિયર પક્ષે ભાણવડ નિવાસી ચુનીલાલ ડાહ્યાભાઈ મહેતાના દીકરી તા.૧૭-૦૨-૨૦૨૪ના અરિહંત શરણ પામેલ છે.

■ ધોરાજી નિવાસી હાલ બોરીવલી લલિતભાઈ જમનાદાસ કાનજી વોરા (ઉ.વ.૭૨) તે તા.૦૮-૦૧-૨૦૨૪ના અરિહંત શરણ પામેલ છે.

■ ધોરાજી નિવાસી હાલ બોરીવલી સ્વ. ચંદ્રિકાબેન કાંતિલાલ દોશીના પુત્ર કમલભાઈ (ઉ.વ.૫૨) તા.૨૨-૦૨-૨૦૨૪ના ગુરુવારના રોજ અરિહંત શરણ પામેલ છે. તે કિરણબેનના પતિ, સોહીલ, નૈષેધના પિતા, વૃત્તિકાના સંસરા, કૌશલના મોટાભાઈ, શીતલબેનના જેઠ, માહીરના દાદા, યુગના મોટા પપ્પા શ્વશુર પક્ષે સ્વ. પ્રવિણચંદ્ર દફતરીના જમાઈ.

■ જામકંડોરણા નિવાસી હાલ કાંદિવલી, ગિરીશ જયંતીલાલ મહેતાના પત્ની સરોજબેન (ઉ.વ.૬૯) તા. ૨૬-૦૨-૨૦૨૪ના અરિહંત શરણ પામેલ છે. તે પ્રશાંત, સોનલના માતા, દિપાલીના સાસુ, પદમાં, જયોત્સાના, સ્વ.કુસુમ, સ્વ.સરલા, ડૉ.મહેશના ભાભી, ડૉ.ગીતાના જેઠાણી તથા પિયર પક્ષે સ્વ.કાશઈબેન રતિલાલ ભાયાણી ના દીકરી તથા રાજેશ, સ્વ.કંચનબેન, સ્વ.પ્રફુલાબેનના બેન.

■ વંથલી સોરઠ નિવાસી હાલ મુંબઈ ઘાટકોપર સ્વ.ગુલાબબેન રતિલાલ મહેતાના પુત્ર અનિલભાઈ રતિલાલ મહેતા (ઉ.વ.૭૨) તા.૨૭-૦૨-૨૦૨૪ના અરિહંત શરણ પામેલ છે. તે દીનાબેનના પતિ, નીરવ અને સોનમ, માધવી અને મિહિરના પિતા, સ્વ.હીરાબેન હિંમતલાલ મહેતાના ભાઈ, સ્વ.મનસુખલાલ જુઠાણીના જમાઇ.


■ થાણાદેવડી નિવાસી હાલ નાસિક સ્વ.સમજુબેન રતિલાલ શાહના પુત્રવધુ અ.સૌ.સીમાબેન સુરેન્દ્રભાઈ શાહ (ઉ.વ.૬૩) જેઓ સલોનીબેન અભયકુમાર શાહના માતુશ્રી સ્વ.કોકિલાબેન શશિકાન્તભાઈ શાહ, સ્વ.રમીલાબેન ગીરીશભાઈ શાહ, સુરેખાબેન રમેશભાઈ શાહ, સ્વ.મંજુલાબેન જયંતીલાલ કોરડીયા, સ્વ.હસુમતીબેન વિનોદરાય દોશી તથા જયોત્સનાબેન ના ભાભી, પિયર પક્ષે સ્વ.સુશીલાબેન સુમતીલાલ શાહના પુત્રી તથા સ્વ.જીતુભાઈ સ્વ. વિપુલભાઈ તથા નીલમબેન વિલાસકુમારના બેન તા.૨૭-૦૨-૨૦૨૪ના અરિહંત શરણ પામેલ છે.

■ થાણાદેવડી નિવાસી હાલ ઘાટકોપર મયુરભાઈ નગીનદાસ મહેતા(ઉ.વ.૬૨) તે મંજુલાબેન નગીનદાસ કપૂરચંદના સુપુત્ર તેઓ કીર્તિબેનના પતિ, મહેક અને રોનકના પિતાશ્રી, પ્રગતિ તેમજ અદિતિના સસરા, મનયના દાદા, સ્વ.રમેશભાઈના ભાઈ તેમજ મધુબેનના દીયર, બીજલ-સૌરભ-અંકિતના કાકા તેમજ જીગરકુમાર, જીનાલી અને કોમલના કાકાજી, ઉર્મિલાબેન હસમુખભાઈ શાહ તેમજ તુલાબેન કમલેશકુમાર મહેતાના ભાઈ, તેમજ શ્વશુર પક્ષે મોંઘીબેન રામજીભાઈ ભાનુશાલીના જમાઇ તા.૧૪-૦૨-૨૦૨૪ના વહેલી સવારે અરિહંત શરણ પામેલ છે.

■ દેવગામ નિવાસી હાલ અંધેરી - મુંબઈ મગનલાલ રૂપચંદ પુનાતરના ધર્મપત્ની નયનાબેન (ઉ.વ.૮૪) તે સ્વ. લીલાવંતીબેન ભોગીલાલભાઈ ના દેરાણી, વિરેનભાઈ, વિપુલભાઈ, સ્વ.કેતનભાઈ, સોનલબેન તથા પ્રીતિબેન ના સાસુ, મનીષભાઈ, વિવેકભાઈ, તરૂલતાબેન, સંગીતાબેન તથા રીટાબેનના માતુશ્રી, પિયરપક્ષે બળેલ પીપરીયા નિવાસી હાલ અમરેલી કાંતિલાલ છગનલાલ ભીમાણીના દીકરી તારીખ ૨૧-૧૨-૨૦૨૩ના રોજ મુંબઈ મુકામે અરિહંત શરણ પામેલ છે.

■ જુનાગઢ નિવાસી હાલ અંધેરી, અ.સૌ. હેમાબેન (હસુબેન) (ઉ.વ.૭૫) તે નવીનભાઈ રમણીકલાલ દોશીના ધર્મપત્ની, તે રાજકોટ નિવાસી કાકુભાઈ, જ્યોતિન્દ્રભાઈ, ડો.કિશોરભાઈ, નીલુબેન તથા માલતીબેનના ભાભી. તે સ્વ.નરોત્તમદાસભાઈ જીવણભાઈ વોરાની સુપુત્રી, તે સ્વ.ધિરજલાલભાઈ, ડો.ભુપેન્દ્રભાઈ, ચંદ્રકાંતભાઈ, સ્વ.તારાબેન, સ્વ.રસીલાબેન, તથા સ્વ.રમાબેનના બેન તા.૯-૩-૨૦૨૪ના શનિવાર અરિહંતશરણ પામેલ છે. દેહ દાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# શ્રદ્ધાંજલી



જન્મ :
૨૩-૧૧-૧૯૭૨

અરીહંતશરણ :
૨૨-૦૨-૨૦૨૪

## સ્વ. કમલભાઈ કાંતિલાલ દોશી

**ધોરાજી નિવાસી હાલ બોરીવલી શ્રીમતી ચંદ્રીકાબેન કાંતિલાલ દોશીના સુપુત્ર કમલભાઈ કાંતિલાલ દોશી (ઉ.વર્ષ ૫૨) અરિહંત શરણ પામેલ છે.**

જાતસ્ય હી ધ્રુવો મૃત્યુ - જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે.
સંયોગ તથા વિયોગ એ સંસાર નો નિત્ય ક્રમ છે.
આયુષ્યની એક પણ ક્ષણ વધારવા નથી કોઇ શક્તિમાન.
મૃત્યુ તો શરીરનું થાય, આત્મા તો શાશ્વત નિરંતર રહેવાવાળો છે.
વિદ્યુત લક્ષ્મી પ્રભુતા પતંગ, આયુષ્ય તેતો જળ ના તરંગ,
પૂરંદરી ચાપ અનંગ રંગ, શું રાચીએ ત્યા તે ક્ષણ નો પ્રસંગ
મનુષ્ય જીવન મળવું એ તો સદ્‌ભાગ્ય નું પરિણામ છે,મૃત્યુ થવું એ સમય નો ખેલ છે.

**જયારે મૃત્યુ પછી પણ લોકો ના હૃદયમાં જીવિત રહેવું એ જિંદગી માં કરેલા કર્મોનું પરિણામ...**

**તમારો લાગણીશીલ સ્વભાવ, ઉદાર દીલ, સાધર્મિક ભક્તિ અને કમલની જેમ ખીલતા, ખુદ્દાર એવા કમલભાઈ ની અમો સહુ સાથીઓને ખોટ પડી છે. તમે મંડળના દરેક સભ્યો ના હૃદય માં અમર છો.**

## શ્રી સોરઠ વિશાશ્રીમાળી જૈન મંડળ, બોરીવલી

પ્રમુખ
**શ્રી વિનોદભાઈ ભગવાનજી મહેતા**

ઉપપ્રમુખ
**શ્રી કિશોરભાઈ લાલચંદ રામાણી**

માનદ્ મંત્રી
**શ્રી જયેશભાઈ ચુનીલાલ દોશી**

માનદ્ મંત્રી
**શ્રી સંજયભાઈ ધનસુખભાઈ મહેતા**

કમિટિ સભ્યો
ભાવીક જયેન્દ્રભાઈ દોશી, અશોકભાઈ દલીચંદ ભણશાલી, અનીલભાઈ ગુલાબચંદ મહેતા,
ધીરજલાલ મણિલાલ મહેતા, અરવિંદભાઈ વાડીલાલ દોશી, કમલેશભાઈ વાલજીભાઈ મહેતા,
કમલેશભાઈ હરીલાલ મહેતા, દિનેશભાઈ ગુલાબચંદ મહેતા, મનીષભાઈ સતીષચંદ્ર મહેતા, નિકુંજ વિનોદભાઈ શેઠ

PUBLISHED ON 20TH OF EVERY MONTH • RNI - 22805 / 1973 • SORATH VISASHRIMALI (Guj. Monthly)
• POSTING UNDER THE REGISTRATION NO. MCS / 140 / 2024-2026 • POSTED AT MALAD WEST SO (ND)
MUMBAI - 400064. ON the 24TH & 25ST OF EVERY MONTH

### પ્રથમ વાર્ષિક પુણ્યતિથીએ

# ભાવભીની શ્રદ્ધાંજલી



## પૂજ્ય શ્રી શશીકાંત જેચંદભાઈ ધોળકિયા

**અરીહંતશરણ : સ.૨૦૭૯ વૈશાખ સુદ બીજ તા.૨૨-૦૪-૨૦૨૩ શનિવાર**

આત્મા કદી જન્મતો નથી કે મૃત્યુ પામતો નથી.
જે નાશ પામે તે શરીર છે. આત્મા શાશ્વત અમર છે.

હે નાથ જોડી હાથ પાયે.. પ્રેમથી સૌ માંગીએ,
શરણ મળે સાચું તમારૂં એ હૃદયથી માંગીએ,
જે જીવ આવ્યો આપ પાસે શરણમાં સ્વીકારજો.
પરમાત્મા એ આત્માને શાંતી સાચી આપજો

**તમારી યાદ માં**

લિ.
ચંદ્રાબેન શશીકાંત ધોળકિયા પરિવાર
નિશીત – પુર્વી
દિવ્યાન
પ્રિતી –ઉદય
વત્સલ – વિરલ

Printed & Published by Jayesh S. Vasa on Behalf of Shri Sorath Visashrimali Jain Samaj, Printed at Lucky Printers, First Floor, 40, Mehta Industrial Estate, Liberty Garden, Malad (West), Mumbai - 400 064 & Published from Shri Sorath Visashrimali Jain Samaj, Tarachand Dhanjibhai Mehta Karyalaya, Devkaran Mansion, Block No.7, 2nd Floor, Vithaldas Road, Mumbai - 400 002. Editor : RAJENDRA O. PUNATAR